


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 223
Dt.: 25-04-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### અમિત શાહે ટીએમસીના ગુંડાઓને આપી ધમકી

# બીજા ફેઝમાં પણ બહાર ન નીકળતા, નહીં તો ઉલ્ટા લટકાવીને સીધા કરીશું

## પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કાનું મતદાન પૂરું થઈ ચૂક્યું છે, હવે ૨૯ એપ્રિલે બીજા તબક્કાનું મતદાન થશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ વિધાનસભાની ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન થયું. આ વખતે મતદાને બધા રેકોર્ડ તોડ્યા છે કારણ કે ૯૨ ટકા આસપાસ મતદાન થયું છે. બંપર મતદાનથી ભાજપ ખુબ ઉત્સાહિત છે. મતોની ટકાવારીના વધારામાં જીત નજરે ચડી રહી છે. આ જ કારણ છે કે અમિત શાહના સૂરમાં પણ ધમકી રેલાઈ રહી છે. એક રોડ શો દરમિયાન અમિત શાહે કહ્યું કે પહેલા ફેઝમાં દીદીના ગુંડાઓ ઘરની બહાર નીકળ્યા નથી. હું ગુંડાઓને કહું છું કે બીજા ફેઝમાં પણ બહાર ન નીકળતા નહીં તો ૪ મે બાદ ઉલ્ટા લટકાવીને સીધા કરી દઈશું.

અત્રે જણાવવાનું કે વિધાનસભા ચૂંટણીના પરિણામ ૪ મેના રોજ આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં મધ્યમગ્રામમાં એક રોડનું નેતૃત્વ કર્યું. તેમણે કહ્યું કે તૃણમૂલ કોંગ્રેસની સરકારનું પતન નજીક છે. શાહે એક સજેલા વાહન પરથી જેસ્સોર રોડની બંને બાજુ ઊભેલા લોકોનું હાથ હલાવીને અભિવાદન કર્યું. અનેક લોકોએ નારંગી અને કેસરી રંગના ફુગ્ગા તથા કમળના ફૂલ પકડી રાખ્યા હતા. પોતાના ફેસબુક એકાઉન્ટ પર ભીડની તસવીર શેર કરતા અમિત શાહે કહ્યું કે મધ્યમગ્રામમાં રોડ શોમાં આ ભગવો રંગ બંગાળમાં મહિલાઓ વિરુદ્ધ અત્યાચારનો આક્રોશ છે. બદલો છે. તૃણમૂલ કોંગ્રેસ જઈ રહી છે. તેમણે કહ્યું કે તૃણમૂલ કોંગ્રેસના ભ્રષ્ટાચાર અને ગુંડાગીરીનો સૂરજ ડૂબી ગયો છે.

તમને જણાવી દઈએ કે મધ્યમગ્રામમાં બીજા તબક્કાના મતદાનમાં ૨૯ એપ્રિલના રોજ મત પડશે. મતગણતરી ૪થી મેના રોજ થશે. શાહે રોડશો દરમિયાન પત્રકારોને કહ્યું કે ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવશે તો એક પણ ઘૂસણખોરને ઘૂસવા નહીં દેવાય. પશ્ચિમ બંગાળમાં ગુરુવારે ૨૩ એપ્રિલના રોજ વિધાનસભા ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન થયું જ્યાં ૧૫૨ સીટ પર મત પડ્યા. ચૂંટણી પંચ દ્વારા બહાર પડેલા આંકડા મુજબ ૯૨.૭૨ ટકા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ દરમિયાન છૂટા છવાયા હિંસા, મતદારોને ડરાવવા ધમકાવવાના અને ઉમેદવારો પર હુમલાની ઘટનાઓ જોવા મળી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું કે આ આઝાદી બાદથી પશ્ચિમ બંગાળમાં નોંધાયેલું સૌથી વધુ મતદાન છે. પંચ દ્વારા શેર કરાયેલા આંકડા મુજબ રાજ્યમાં આ અગાઉ સૌથી વધુ મતદાન ૨૦૧૧ની વિધાનસભા ચૂંટણી વખતે ૮૪.૭૨ ટકા થયું હતું.

### બંને દેશોના એકબીજા પર ડ્રોન હુમલા, ૩નાં મોત, અનેક ઘાયલ

# ઈરાન યુદ્ધ છતાં યુક્રેનને US તરફથી શસ્ત્ર સપ્લાય અટક્યો નથી: ઝેલેન્સ્કી

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ ગુરુવારે દાવો કર્યો હતો કે ઈરાન યુદ્ધ ચાલુ હોવા છતાં અમેરિકાએ યુક્રેનને શસ્ત્રોનો સપ્લાય બંધ કર્યો નથી અને યુક્રેન લાંબા અંતરના હુમલા કરીને રશિયાના ક્રૂડ ઓઈલ ઉત્પાદન અને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટને ભારે નુકસાન પહોંચાડી રહ્યું છે.

વોઈસ મેસેજમાં ઝેલેન્સ્કીએ જણાવ્યુ હતું કે અમે રશિયાને સૌથી વધુ નુકસાન થાય તેવા ટાર્ગેટ પર પ્રહાર કરી રહ્યાં છે. આ હુમલાઓમાં રશિયન નુકસાન અબજો ડોલર સુધી પહોંચી ગયું છે. રશિયા અટકવાનું નામ લેતું નથી અને તેઓ અમારી ઊર્જા ક્ષેત્ર અને લોકો પર હુમલા કરી રહ્યું છે. અમે પણ જવાબ આપીશું. ઝેલેન્સ્કીના દાવાને વચ્ચે રશિયના અધિકારીઓએ જણાવ્યુ હતું કે યુક્રેનથી આશરે ૧,૦૦૦ કિમી દૂર આવેલા રશિયાના પ્રાંતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ડ્રોન હુમલો થયો હતો. યુક્રેન રશિયાના પ્રદેશો પર હુમલો કરવા માટે તેની સ્થાનિક રીતે વિકસિત ડ્રોન અને મિસાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે. યુક્રેનિયન સૈન્ય યુક્રેનના પ્રદેશ પર રશિયન મિસાઈલ હુમલાઓને રોકવા માટે મેરિકન બનાવટની પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમનો પણ ઉપયોગ કરે છે.બંને દેશોના એકબીજા પર હુમલા વચ્ચે બ્રિટનના પ્રિન્સ હેરી ગુરુવારે કીવની મુલાકાતે પહોંચ્યા હતાં. ચાલુ વર્ષે તેમની આ ત્રીજી મુલાકાત છે. પ્રિન્સ હેરીએ કીવ સિક્યોરિટી કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે યુક્રેનિયનોએ માત્ર બહાદુરી અને ક્ષમતામાં જ નહીં, પરંતુ એકતામાં, વિશ્વાસમાં પણ શક્તિ દર્શાવી છે. પ્રિન્સ હેરી રાત્રે પોલેન્ડથી મુસાફરી કરીને કીવના મુખ્ય રેલવે સ્ટેશન પર ઉતર્યા હતાં. પ્રિન્સ હેરીના આગમન પહેલા યુક્રેનના ડિનિપ્રો શહેર પર રશિયાના ડ્રોન હુમલામાં ૩ લોકોના મોત થયા હતાં અને ૧૦ ઘાયલ થયા હતાં. આ હુમલામાં ૧૩ માળના એક બિલ્ડિંગ અને એક સરકારી બિલ્ડિંગને નુકસાન થયું હતું.

બીજી તરફ રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, રશિયન હવાઈ સંરક્ષણ દળોએ ક્રિમીઆ દ્વીપકલ્પ, એઝોવ સમુદ્ર અને કાળા સમુદ્ર પર ૧૫૪ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યાં હતાં.

### સુપ્રીમ કોર્ટે કહ્યું - મતદાન તો નહીં કરી શકો

# ૬૫ ચૂંટણી અધિકારીઓના જ SIR યાદીમાં નામ નહીં

## તમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો, ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દોઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન જે લોકોના નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા હતા, તેમની અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. નોંધનીય છે કે, જે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે, તેમાં ચૂંટણી ડ્યુટી પર તેહનાત લગભગ ૬૫ અધિકારીઓ પણ સામેલ છે. આ મામલાની સુનાવણી ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે કરી હતી.



અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ એમ.આર. શમશાદે કોર્ટને જણાવ્યું કે, અનેક અધિકારીઓના નામ કોઈપણ નક્કર કારણ આપ્યા વિના મનસ્વી રીતે મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે અદાલત સમક્ષ પોતાની વાત મૂકતા કહ્યું કે, આ ૬૫ અરજદારો હાલ ચૂંટણી ડ્યુટી પર છે. તેમના ડ્યુટી ઓર્ડરમાં તેમના મતદાર ઓળખપત્ર (EPIC) નંબર સ્પષ્ટપણે નોંધાયેલા છે.પરંતુ હવે તે નંબર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેનો સીધો અર્થ એ થયો કે જે લોકો ચૂંટણી સંપન્ન કરાવી રહ્યા છે, તેઓ પોતે જ મતદાન નહીં કરી શકશે! પ્રથમ દૃષ્ટિએ આ એક મનસ્વી વલણ છે અને ઘણા લોકોને તો તેનું કારણ પણ જણાવવામાં નથી આવ્યું.

એક અહેવાલ પ્રમાણે ખંડપીઠે અરજદારોને આ મામલે સીધી રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. અદાલતે તેમને તે અપીલીય ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા કહ્યું, જેની સ્થાપના જ સર્વોચ્ચ અદાલતના આદેશ પર જ આ પ્રકારની ફરિયાદો સાંભળવા માટે કરવામાં આવી હતી. CJI સૂર્યકાંતે નિર્દેશ આપતા કહ્યું કે, તમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો. ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દો.

જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ એ વાતનો સ્વીકાર કર્યો કે, જે લોકોની અપીલ હાલ પડતર છે, તેઓ કદાચ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીમાં મતદાન નહીં કરી શકશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે, મતદારો પોતાની અપીલની પ્રક્રિયા ચાલુ રાખી શકે છે, જેથી ભવિષ્ય માટે મતદાર યાદીમાં તેમનું નામ પુનઃસ્થાપિત થઈ શકે. ટ્રિબ્યુનલ દ્વારા યોગ્ય આદેશો પસાર કરવામાં આવશે... એ સાચું છે કે કદાચ તેઓ આ વર્તમાન ચૂંટણીમાં મતદાન ન કરી શકે. પરંતુ મતદાર યાદીમાં નામ જાળવી રાખવાનો જે વધુ મૂલ્યવાન અધિકાર છે, તેને દરેક સંજોગોમાં સુરક્ષિત રાખવામાં આવશે. પશ્ચિમ બંગાળ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં SIR પ્રક્રિયાને પડકારતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં હાલ વિચારાધીન છે, કારણ કે આ પ્રક્રિયા હેઠળ મોટા પાયે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. જેના કારણે દેશભરમાં સવાલો ઉઠી રહ્યા છે.ભારત નિર્વાચન આયોગ (ECI) અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે વિશ્વાસના અભાવને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ એક મોટો નિર્ણય લીધો હતો. અદાલતે પશ્ચિમ બંગાળમાં SIRની જવાબદારી રાજ્ય સરકારને બદલે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના ન્યાયિક અધિકારીઓને (જિલ્લા ન્યાયાધીશો અને નિવૃત્ત ન્યાયાધીશો સહિત) સોંપી દીધી હતી. આ કામગીરી માટે અંદાજે ૯૦૦ જેટલા ન્યાયિક અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૬ એપ્રિલ સુધીમાં આ અધિકારીઓએ લગભગ ૬૦ લાખ વાંધા અરજીઓનો નિકાલ કર્યો હતો, જેના પરિણામ સ્વરૂપ ૨૭ લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જ ન્યાયિક અધિકારીઓના નિર્ણયો સામેની અપીલ સાંભળવા માટે અપીલીય ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી.

### VIP લોકોના ઘર પર ગ્રેનેડ હુમલાનું ઘડી રહ્યા હતા કાવતરું

# નોઈડામાં ISI સાથે જોડાયેલા ૨ આતંકવાદીઓની ધરપકડ

## બંને શંકાસ્પદ આરોપીઓ સ્લીપર સેલ પણ બનાવી ચૂક્યા હતાઃ આતંકવાદી કૃત્યો માટે પૈસાની લાલચ અપાઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

ઉત્તર પ્રદેશ એટીએસ (ATS) એ નોઈડાથી બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ આઈએસઆઈ (ISI) માટે કામ કરી રહ્યા હતા અને પાકિસ્તાની ગેંગસ્ટર શહઝાદ ભટ્ટી સાથે જોડાયેલા હતા. તેમની પાસેથી પિસ્તોલ, કારતૂસ અને ચપ્પુ મળી આવ્યા છે. આ બંને શંકાસ્પદ આઈએસઆઈના ઈશારે ભારત વિરુદ્ધ મોટા કાવતરાની યોજના ઘડી રહ્યા હતા.

એટીએસના જણાવ્યા અનુસાર, બંને આરોપીઓની ઓળખ બાગપતના તુષાર ચૌહાણ ઉર્ફે હિઝબુલ્લા અલી ખાન તરીકે થઈ છે, જ્યારે બીજા આરોપીનું નામ સમીર ખાન છે, જે દિલ્હીનો રહેવાસી હોવાનું કહેવાય છે. આ બંનેની ઉંમર ૨૦ વર્ષની આસપાસ છે. એટીએસને આતંકવાદીઓ પાસેથી પિસ્તોલ, કારતૂસ અને ચપ્પુ મળી આવ્યા છે. આ સિવાય એટીએસ દ્વારા તેમની પાસેથી બે મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યા છે. એટીએસ મુજબ, બંને શંકાસ્પદ આઈએસઆઈ માટે કામ કરી રહ્યા હતા અને પાકિસ્તાની ગેંગસ્ટર શહઝાદ ભટ્ટી સાથે જોડાયેલા હતા. આ આરોપીઓ આબિદ જટ સહિત અનેક હેન્ડલર્સના સંપર્કમાં હતા. આ શંકાસ્પદોને ભારતમાં સંવેદનશીલ સ્થળોની રેકી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આ લોકો પ્રભાવશાળી વ્યક્તિઓના ઘરે ગ્રેનેડ ફેંકવાનું કાવતરું ઘડી રહ્યા હતા. યુપી એટીએસના જણાવ્યા મુજબ, બંને શંકાસ્પદ આરોપીઓએ સ્લીપર સેલ પણ બનાવી લીધા હતા. તેમને આતંકવાદી ઘટનાઓ માટે પૈસાની લાલચ આપવામાં આવી હતી. આ માટે પહેલા ૫૦ હજાર એડવાન્સ અને બાદમાં અઢી લાખ રૂપિયા આપવાનું વચન આપવામાં આવ્યું હતું. આ બંને ઈન્સ્ટાગ્રામ દ્વારા પાકિસ્તાની ગેંગસ્ટરના સંપર્કમાં હતા. તેમણે આઈડી બંધ થયા પછી ફરીથી એકાઉન્ટ બનાવ્યું હતું. એકબીજા સાથે સંપર્ક કરવા માટે આ લોકો વોઈસ અને વિડિયો કોલનો ઉપયોગ કરતા હતા. તેમને દુબઈ થઈને પાકિસ્તાન બોલાવવાની લાલચ આપવામાં આવી હતી. કટ્ટરપંથી યુટ્યુબર્સે પણ લાલચ આપી હતી. આ આરોપીઓ મેરઠમાં રહીને મોટા કાવતરાને અંજામ આપવાની ફિરાકમાં હતા. તેઓ આરોપી સમીર ખાન સાથે મળીને પ્લાનિંગ કરી રહ્યા હતા. તેમને ટીટીએચ (TTH) લખીને લોકોને જોડવાનું ટાસ્ક આપવામાં આવ્યું હતું. આ આતંકવાદીઓ આઈએસઆઈ એજન્ટ મેજર હમીદ, ઈકબાલ અને અનવરના સંપર્કમાં હતા. યુપી એટીએસ હવે તેમને રિમાન્ડ પર લઈને ઝીણવટભરી પૂછપરછ કરશે. તેમના અન્ય સાથીદારો વિશે પણ પૂછપરછ કરવામાં આવશે. પૂછપરછમાં અન્ય ઘણા મોટા ખુલાસા પણ થઈ શકે છે.

# બેંગલુરુમાં બોયફ્રેન્ડને ખુરશી સાથે બાંધીને જીવતો સળગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

બેંગલુરુમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક યુવતીએ તેના બોયફ્રેન્ડને ઘરે બોલાવી 'વેસ્ટર્ન સ્ટાઈલ'માં પ્રપોઝ કરવાનું બહાનું આપી તેના કપડાં ઉતાર્યા, આંખે પાટા બાંધ્યા અને ત્યારબાદ પેટ્રોલ છાંટીને તેને જીવતો સળગાવી દીધો. પોલીસે આ ક્રૂર હત્યાના આરોપમાં ૨૭ વર્ષીય પ્રેમિકાની અટકાયત કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક કિરણ અને આરોપી પ્રેરણા છેલ્લા બે વર્ષથી રિલેશનશિપમાં હતા. મંગળવારે બપોરે અંદાજે ૨ વાગ્યે પ્રેરણાના બોલાવવાથી કિરણ તેના ઘરે પહોંચ્યો હતો. પ્રેરણાએ કિરણને "વેસ્ટર્ન-સ્ટાઈલ પ્રપોઝલ" આપવાની લાલચ આપી પોતાની જાળમાં ફસાવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે પ્રેરણાએ કિરણની આંખો પર પાટા બાંધ્યા અને તેના હાથ-પગ ખુરશી સાથે બાંધી દીધા. જ્યારે કિરણે આટલી સખ્ત રીતે બાંધવા બાબતે સવાલ કર્યો, ત્યારે પ્રેરણાએ તેને એમ કહીને શાંત પાડ્યો કે આ વિદેશમાં પ્રચલિત એક 'ટ્રેન્ડ' છે. ત્યારબાદ મહિલાએ તેના કપડાં ઉતારી તેનું ધ્યાન ભટકાવ્યું અને અગાઉથી તૈયાર રાખેલું પેટ્રોલ અને કેરોસીન તેના પર છાંટીને આગ ચાંપી દીધી.

એવું બહાર આવ્યું કે કિરણ તેની ભૂતપૂર્વ પ્રેમિકાના સંપર્કમાં હતો અને પ્રેરણાને અવગણવા લાગ્યો હતો. કિરણે તેની સાથે પાર્ટી પણ કરી હતી અને ફોટા પણ પાડ્યા હતા, જેના કારણે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ, કિરણે પ્રેરણાનો નંબર બ્લોક કરી દીધા. બાદમાં પ્રેરણાએ કિરણને બીજા નંબર પરથી ફોન કર્યો અને તેણે નક્કી કરેલી તારીખે સાથે લગ્ન કરવા રાજી થઈ ગઈ. ત્યારબાદ માત્ર બે દિવસમાં તેણે હત્યાની યોજના બનાવી અને તેણે અંજામ આપ્યો. પોલીસ હાલમાં તપાસ કરી રહી છે કે તેણે એકલા હાથે જ આ બધુ કામ કર્યું હતું કે કોઈ બીજું તેમાં સામેલ હતું.

આ ઘટનામાં કિરણનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પોલીસને જાણવા મળ્યું છે કે આરોપી મહિલાએ આ સમગ્ર ઘટનાનું પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ પણ કર્યું હતું, જે હવે પોલીસ માટે મુખ્ય પુરાવો બન્યું છે. આરોપી મહિલાને કસ્ટડીમાં લેવામાં આવી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. ACP અશોક અને ઈન્સ્પેક્ટર ભાસ્કર સહિતના વરિષ્ઠ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. બ્યાવરાહલ્લી પોલીસે કેસ નોંધ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી મહિલાએ કિરણને કથિત રીતે કહ્યું હતું કે, તે તેને અંગ્રેજી સ્ટાઈલમાં પ્રપોઝ કરશે. ત્યારબાદ તેણે તેના હાથ-પગ દોરડાથી બાંધી દીધા હતા. પોલીસને શંકા છે કે હત્યા કરતા પહેલા મહિલાએ પીડિત સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ તેણે તેના પર કેરોસીન છાંટીને આગ લગાવી દીધી હતી. ગંભીર રીતે દાઝી જવાથી કિરણનો ઘટનાસ્થળે જ જીવ જતો રહ્યો હતો. પીડિત અને આરોપી બંને એક જ કંપનીમાં કામ કરતા હતા અને તેમની મિત્રતા પ્રેમ સંબંધમાં પરિણમી હતી.

શરૂઆતમાં પ્રેરણાએ પોલીસને ગુમરાહ કરવા માટે એક કહાની ઘડી હતી. તેમણે દાવો કર્યો હતો કે જ્યારે એક જોરદાર વિસ્ફોટ થયો ત્યારે તે બાથરૂમમાં હતી, અને બહાર આવીને જોયું તો કિરણે પોતાની જાતે આગ લગાવી લીધી હતી. જોકે, ઘટનાસ્થળની સ્થિતિ જોઈને પોલીસને શંકા ગઈ હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર (DCP) ડી.એલ. નાગેશના જણાવ્યા મુજબ, પ્રથમ દ્રષ્ટિએ આ આત્મહત્યાનો કેસ લાગતો હતો, પરંતુ ઊંડી તપાસ કરતા હત્યા થઈ હોવાનું સાબિત થયું છે.




## તંત્રી લેખ......

### હોર્મુઝ સ્ટ્રેટ પર નિર્ભરતા ઘટાડવાનો સમય આવી ગયો છે

અમેરિકા અને ઈરાન વચ્ચે સત્તા સંઘર્ષ બની ગયેલા હોર્મુઝ સ્ટ્રેટએ વૈશ્વિક ઊર્જા સુરક્ષા અને વેપાર વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. વિશ્વના દરિયાઈ તેલ વેપારનો લગભગ એક તૃતીયાંશ ભાગ હોર્મુઝની સાંકડી સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. અહીં ઉદ્ભવતા કોઈપણ તણાવ વૈશ્વિક તેલ અને ગેસના ભાવ અને પુરવઠાને સીધી રીતે અસ્થિર બનાવે છે. વિકસિત અને વિકાસશીલ બંને દેશોની સમગ્ર ઔદ્યોગિક મશીનરી આ જળમાર્ગની સુરક્ષા પર ટકેલી છે. ભારતમાં પણ તેલ અને ગેસની માંગ વધી રહી છે, જે આર્થિક શક્તિ બની રહ્યું છે. જો આ માર્ગ સંપૂર્ણપણે ખોરવાઈ જાય છે, તો કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૫૦ ને વટાવી શકે છે, જે સંભવિત રીતે વૈશ્વિક મંદીનું કારણ બની શકે છે. તેથી, હોર્મુઝની સામુદ્રધુની પર ભારતની નિર્ભરતા ઘટાડવી હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ એક અનિવાર્યતા છે. હોર્મુઝ કટોકટી ભારત માટે સ્પષ્ટ સંદેશ છે કે એક જ ભૌગોલિક માર્ગ પર વધુ પડતી નિર્ભરતા રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક સાર્વભૌમત્વ માટે ખતરનાક છે.

તેલના ભાવમાં વધારો ભારતના આયાત બિલમાં વધારો કરશે, જેનાથી ચાલુ ખાતાની ખાધ પર અસર થશે, રૂપિયો વધુ નબળો પડશે. આ મુદ્દો ફક્ત તેલ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ખાડી દેશોમાં રહેતા લાખો ભારતીય પ્રવાસીઓની સલામતી અને ત્યાંથી આવતા વિદેશી હૂંડિયામણનો પણ છે, જે મોટા લશ્કરી સંઘર્ષની સ્થિતિમાં અચાનક ઘટી શકે છે અથવા બંધ થઈ શકે છે. હોર્મુઝની સામુદ્રધુની ભારતને યાદ અપાવે છે કે તેણે તેના ઉર્જા અને વેપાર માર્ગોને વૈવિધ્યીકરણ કરવા જોઈએ. હોર્મુઝની સામુદ્રધુની પર આધાર રાખવાને બદલે, ભારતે પોતાના વૈકલ્પિક માર્ગો અને સુરક્ષા પદ્ધતિઓ વિકસાવવા માટે ગંભીર પ્રયાસો કરવા જોઈએ.

હોર્મુઝની સામુદ્રધુની મહત્વપૂર્ણ છે કારણ કે હાલનો કોઈ પણ માર્ગ તેની ક્ષમતા (આશરે ૨૧ મિલિયન બેરલ તેલ પ્રતિ દિવસ) સાથે મેળ ખાતો નથી. સાઉદી અરેબિયાની પૂર્વ-પશ્ચિમ પાઈપલાઇન, જે પર્શિયન ગલ્ફને સીધા લાલ સમુદ્ર સાથે જોડે છે, તેની ક્ષમતા ફક્ત પાંચ મિલિયન બેરલ પ્રતિ દિવસ છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ની ધાબી ક્રૂડ ઓઈલ પાઈપલાઈન હોર્મુઝને બાયપાસ કરીને ફુજૈરાહ (ઓમાનના અખાત) બંદર સુધી તેલનું પરિવહન કરે છે, પરંતુ તેની ક્ષમતા પણ ૧.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ સુધી મર્યાદિત છે. તકનીકી અવરોધો અને પ્રાદેશિક રાજકારણને કારણે ઈરાકની ટર્કિશ પાઈપલાઈન હંમેશા સંપૂર્ણ ક્ષમતા પર કાર્યરત નથી.

કેપ ઓફ ગુડ હોપની આસપાસનો માર્ગ ખૂબ લાંબો છે, જે કાર્ગો પરિવહનના સમય અને ખર્ચમાં નોંધપાત્ર વધારો કરશે. ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરનું બાંધકામ શરૂ પણ થયું નથી. પ્રોજેક્ટ હજુ પણ આયોજન અને સંકલનના તબક્કામાં છે. ઈઝરાયલ-હમાસ તણાવે પ્રોજેક્ટની પ્રગતિ ધીમી કરી દીધી છે. બધા વિકલ્પો સંયુક્ત રીતે હોર્મુઝ સ્ટ્રેટની અછતને ૪૦ ટકાથી વધુ પૂર્ણ કરી શકતા નથી.

ભૂ-રાજકીય ઉથલપાથલ વચ્ચે, ભારત તેની ઉર્જા સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વાયત્તતાને સુનિશ્ચિત કરવા માટે બહુપક્ષીય યોજના બનાવી રહ્યું છે, જેનો હેતુ દેશને વૈશ્વિક આર્થિક શક્તિ તરીકે સ્થાપિત કરીને ઉર્જા નિર્ભરતા ઘટાડવાનો છે. ઈરાનનું ચાબહાર બંદર આ વ્યૂહરચનાનું કેન્દ્ર છે. તે પાકિસ્તાનને બાયપાસ કરીને ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી સીધી પહોંચ પૂરી પાડે છે.

ભારતીય મુસાફરો માટે પ્રવાસ સરળ બનશે અને ખર્ચ પણ ઘટશે

## ફ્રાન્સમાં ભારતીયો માટે એરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝાની જરૂર નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફ્રાન્સે ભારતીયો માટે એરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝાની જરૂરિયાત દૂર કરી છે. અત્યાર સુધી ભારતીય મુસાફરોએ બીજી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ મેળવવા માટે ફ્રાન્સમાં એરપોર્ટ પર ટૂંકું રોકાણ કરવું પડે તેમ હોય તો એરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝા લેવા પડતાં હતાં.

હવે ભારતીય પાસપોર્ટ ધારકોને ફ્રાન્સના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઝોનમાંથી પસાર થતી વખતે એરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝા મેળવવાની જરૂર રહેશે નહીં. ભારતીય મુસાફરો માટે પ્રવાસ સરળ બનશે અને ખર્ચ પણ ઘટશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નવી દિલ્હીમાં તેમના સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે ભારત આ પગલાનું સ્વાગત કરે છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૦ એપ્રિલ ૨૦૨૬ની અસરથી ફ્રાન્સના યુરોપિયન પ્રદેશમાંથી પસાર થતા ભારતીય નાગરિકો માટે વિઝા-મુક્ત પ્રવાસને હવે ફ્રેન્ચ સરકારે અમલી બનાવ્યો છે.

આ નિર્ણય દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રેસિડન્ટ ઈમેન્યુઅલ મેક્રોનની ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## બેટિંગ કોચ માઈકલ હસીએ જણાવ્યું : પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની હાલમાં ૧૦૦% ફિટ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહેન્દ્ર સિંહ ધોની IPL 2026માં ક્યારે મેદાનમાં પરત ફરશે, તેને લઈને ચાહકોની આતુરતા સતત વધી રહી છે. ગુરુવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં ધોની રમશે તેવી આશા હતી, પરંતુ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે જ્યારે પ્લેઈંગ-૧૧ની જાહેરાત કરી ત્યારે તેમાં ધોનીનું નામ નહોતું. આ બાબતે સ્પષ્ટતા કરતા બેટિંગ કોચ માઈકલ હસીએ જણાવ્યું કે, ધોની હાલમાં ૧૦૦% ફિટ નથી. તે નેટ્સમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે પરંતુ તેને વિકેટો વચ્ચે દોડવામાં મુશ્કેલી પડી રહી છે. ૪૪ વર્ષીય ધોની અત્યારે કાફ મસલની ઈજાનો સામનો કરી રહ્યો છે, જે તેને સીઝન શરૂ થયા પહેલા પ્રેક્ટિસ દરમિયાન થઈ હતી.

રિપોર્ટ્સ મુજબ, ધોની હવે આગામી બે મેચોમાં વાપસી કરી શકે છે. તે ૨૬ એપ્રિલના રોજ ગુજરાત ટાઈટન્સ સામે અથવા ૨ મેના રોજ ફરીથી મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં મેદાન પર જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે ધોની આઈપીએલ ઈતિહાસના સૌથી સફળ કેપ્ટનોમાંના એક છે, જેણે પોતાની આગેવાનીમાં ચેન્નાઈને ૫ વખત ખિતાબ જીતાડ્યો છે. અત્યાર સુધીમાં રમાયેલી ૨૭૮ મેચોમાં તેના નામે ૫૪૩૯ રન નોંધાયેલા છે. ધોનીની વાપસી માત્ર ચેન્નાઈ માટે જ નહીં પરંતુ સમગ્ર ટૂર્નામેન્ટ અને તેના લાખો ચાહકો માટે પણ ખૂબ જ મહત્ત્વની સાબિત થશે.

૮ હજાર પોલીસ જવાનો રહેશે તૈનાત

# અમદાવાદ મનપા ચૂંટણીમાં પોલીસની લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાશે

### ૨૫૦૦ જેટલા જવાનો VVIP મુવમેન્ટ અને સુરક્ષાને લઈ તૈનાત રહેશે: મતગણતરી કેન્દ્રમાં ત્રણ લેયરમાં સુરક્ષા ગોઠવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આગામી ૨૬ એપ્રિલે અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેને લઈ પોલીસે લોખંડી સુરક્ષાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ચૂંટણી દરમિયાન ૮ હજાર જેટલા પોલીસ જવાનો તૈનાત રહેશે અને ૨૫૦૦ જેટલા જવાનો VVIP મુવમેન્ટ અને સુરક્ષાને લઈ તૈનાત રહેશે. ખાસ કરીને મતગણતરી કેન્દ્રમાં ત્રણ લેયરમાં સુરક્ષા ગોઠવાઈ છે. જેમાં મતગણતરી કેન્દ્રની અંદર SRP જવાનો તૈનાત કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ૨૬ એપ્રિલના રોજ મતદાન અને ૨૮ એપ્રિલે મતગણતરી થવાની છે. ત્યારે અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે મતદાન મથકો અને મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેઓએ જણાવ્યું કે, મતદાન મથકો સાથે મતગણતરી કેન્દ્રની સમીક્ષા કરવામાં આવી છે. ૨૮ તારીખે મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્ર પર ત્રણ લેયર સુરક્ષા રાખવામાં આવશે.

૨૬ એપ્રિલે મતદાન પૂર્ણ થયા બાદ મતપેટીઓ સુરક્ષા હેઠળ અહીં લાવવામાં આવશે. ૨૮ વોર્ડની મત ગણતરી એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ અને ૨૧ વોર્ડની મત ગણતરી ગુજરાત કોલેજ ખાતે થશે.

અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જ્યાં મતપેટીઓ રાખવાની છે તે સ્ટ્રોંગરૂમની પણ મુલાકાત લીધી હતી. ૨૮મી તારીખે મતગણતરી કેન્દ્રની અંદર SRP જવાનો તૈનાત કરવામાં આવશે. મતગણતરી કેન્દ્રની બહાર લોકલ પોલીસ રહેશે. દરેક જગ્યા પર સીસીટીવી લગાવવામાં આવ્યા છે. ચૂંટણી કામગીરીને લઈને ૮૦૦૦ લોકલ પોલીસ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તૈનાત કરાઈ છે. જ્યારે ૨૫૦૦ પોલીસ જવાનો VVIP મુવમેન્ટ માટે તૈનાત રાખવામાં આવ્યા છે.

મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ લગાવ્યો છે. જ્યારે મતગણતરી અગાઉ કેન્દ્રમાં કેટલાક રસ્તાઓ પર બેરીકેટ લગાવવામાં આવશે. તો કેટલાક રસ્તાઓ અવરજવર માટે બંધ કરાશે.

મહત્વનું છે કે, મતદાન મથકો ઉપરાંત મતગણતરી કેન્દ્રમાં પોલીસ કમિશનરે મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. જેમાં એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ અને ગુજરાત કોલેજ પર કાઉન્ટિંગ થવાનું છે. ત્યારે આ બન્ને કેન્દ્ર પર પોલીસ કમિશનરે મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.

હવે ન ભૂલાય તેવી કરી સજા

# સગી દીકરી પર ૨૦થી વધુ વખત દુષ્કર્મ કરનારા પિતાની ફાંસીની સજામાં ફેરફાર

### પોતાની જ સગીર દીકરી પર વારંવાર દુષ્કર્મ ગુજારનારા પિતાની ફાંસીની સજાને આજીવન કારાવાસમાં ફેરવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મદુરાઈ

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે એક ઐતિહાસિક અને દાર્શનિક ચુકાદો આપતા પોતાની જ સગીર દીકરી પર વારંવાર દુષ્કર્મ ગુજારનારા પિતાની ફાંસીની સજાને આજીવન કારાવાસમાં ફેરવી દીધી છે. જસ્ટિસ એન. આનંદ વેંકટેશ અને જસ્ટિસ કે.કે. રામકૃષ્ણનની ખંડપીઠે આ કેસની સુનાવણી દરમિયાન નોંધ્યું કે મૃત્યુદંડની સરખામણીએ દોષિતને તેના અપરાધના પસ્તાવા સાથે જીવતો રાખવો અને તેને પળેપળ મરવા દેવો એ વધુ પ્રભાવી સજા છે. મૃત્યુદંડ દ્વારા ગુનેગારની પીડાનો અંત ઝડપથી આવી જાય છે, પરંતુ આજીવન કારાવાસમાં તેણે કરેલા જઘન્ય અપરાધનો પસ્તાવો તેને આજીવન કોરી ખાશે, જે સજા મૃત્યુ કરતા પણ વધુ કઠોર સાબિત થશે.

એક અહેવાલ પ્રમાણે હાઈકોર્ટે મૃત્યુદંડની સજા પર વિગતવાર દાર્શનિક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે, ફાંસીની સજા એ અંતિમ, તાત્કાલિક અને અપરિવર્તનીય છે. તે માત્ર જીવનનો અંત જ નથી લાવતી, પરંતુ તેની સાથે ગુનેગારમાં પશ્ચાતાપ કે નૈતિક સુધારાની તમામ શક્યતાઓને પણ ખતમ કરી દે છે.

અદાલતે સ્વીકાર્યું કે, દોષિતને જીવતો રાખીને તેને તેની અંતરાત્મા સાથે આજીવન સંવાદ કરવા માટે છોડી દેવો એ ન્યાયના ઉદ્દેશ્યોને વધુ સારી રીતે પૂર્ણ કરે છે. કોર્ટે કહ્યું કે, જ્યાં મૃત્યુદંડ જીવનના પુસ્તકને કાયમ માટે બંધ કરી દે છે, ત્યાં આજીવન કારાવાસ અપરાધીને પોતાના પ્રાકૃતિક જીવનના અંત સુધી દરેક પાનાને વારંવાર વાંચવા માટે મજબૂર કરે છે.

કોર્ટે એ પણ નોટ કર્યું કે, મુર્ગન નામનો આ દોષિત પહેલાથી પરિવાર અને સમાજ દ્વારા સંપૂર્ણપણે ત્યાગી દેવામાં આવ્યો છે. પીઠના મતે, તે અત્યારે જીવિત દેશનિકાલ (living exile) જેવી કઠોર પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે, જે પોતાનામાં જ એક અત્યંત ગંભીર સજા છે.

કોર્ટે એ સ્પષ્ટ કર્યું છે કે, મુર્ગનને આપવામાં આવેલી આજીવન કારાવાસની સજા તેના પ્રાકૃતિક જીવનના અંત સુધી એટલે કે જીવિત રહેશે ત્યાં સુધી લાગુ રહેશે. તેને સમય પહેલા મુક્તિ મેળવવાનો કોઈ અધિકાર રહેશે નહીં. તેને સજામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ કે માફી નહીં મળશે. તેણે પોતાના અંતિમ શ્વાસ સુધી જેલના સળિયા પાછળ જ રહેવું પડશે. આ સમગ્ર ઘટના પર નજર કરીએ તો મુર્ગને પોતાની પત્નીની ગેરહાજરીનો ફાયદો ઉઠાવીને પોતાની જ ૧૪ વર્ષની સગી દીકરી સાથે દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાએ અદાલત સમક્ષ નિવેદન આપ્યું હતું કે મારી સાથે ૨૦થી વધુ વખત દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું.

કાળજુ કંપાવનારી આ ઘટના ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ત્યારે સામે આવી જ્યારે પીડિતાની માતાએ દીકરીના શરીરમાં અમુક શારીરિક ફેરફારો જોયા અને તેને ડોક્ટર પાસે લઈ ગઈ હતી, જ્યાં આ સમગ્ર કુકર્મનો ભાંડો ફૂટ્યો હતો.

મેડિકલ તપાસમાં પુષ્ટિ થઈ કે, સગીર બાળકી અંદાજે પાંચ મહિનાની ગર્ભવતી હતી. જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ તેનું સુરક્ષિત ગર્ભપાત કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ કરવામાં આવેલી ડીએનએ (DNA) તપાસમાં એ વાતની અકાટ્ય પુષ્ટિ થઈ કે, ભ્રૂણનો જૈવિક પિતા અન્ય કોઈ નહીં પણ મુર્ગન પોતે જ હતો.

૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ POCSO અધિનિયમ હેઠળ રચાયેલી એક ખાસ અદાલતે મુર્ગનને કલમ ૬ હેઠળ "ગંભીર પ્રવેશન જાતીય હુમલો" માટે દોષિત ઠેરવ્યો અને તેને મૃત્યુદંડની સજા ફટકારી હતી. નીચલી અદાલતના જજે તેને પિતા દ્વારા "ભયંકર વિશ્વાસઘાત" ગણાવ્યો અને કહ્યું કે આવા ગુનેગાર સમાજ માટે ખતરો છે. ગુનાની ચરમ પ્રકૃતિ અને બાળકીને પહોંચેલા શારીરિક અને માનસિક આઘાતને ધ્યાનમાં રાખીને જજે કહ્યું કે મૃત્યુદંડ કરતાં ઓછી કોઈ પણ સજા ન્યાય માટે અપર્યાપ્ત હશે.

સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે ફાંસીની સજા માત્ર દુર્લભથી અતિ દુર્લભ કિસ્સામાં જ આપી શકાય છે. હાઈકોર્ટે કહ્યું કે આ અપરાધ નિઃશંકપણે ઘૃણાસ્પદ છે, પરંતુ જાતીય હુમલા સિવાય પીડિતા સાથે અલગથી કોઈ શારીરિક ક્રૂરતા (જેમ કે મારપીટ કે અમાનુષી અત્યાચાર) કરવામાં આવી હોય તેવા પુરાવા નથી મળ્યા, તેથી આ કેસ આ શ્રેણીમાં નથી આવતો.

રાજ્ય સરકાર એ સાબિત કરવામાં નિષ્ફળ રહી છે કે દોષિતમાં સુધારાની કોઈ શક્યતા નથી રહી જે મૃત્યુદંડ આપવા માટે એક અનિવાર્ય શરત છે.

હાઈકોર્ટે નીચલી અદાલતની ટ્રાયલમાં ક્ષતિઓ શોધી અને કહ્યું કે ટ્રાયલ જજ કદાચ અપરાધની ભયાનકતા અને સંવેદનાઓથી પ્રભાવિત થઈને ફાંસીની સજા સંભળાવી બેઠા હતા.

હાઈકોર્ટે મુર્ગનનો ગુનો અને તેની સજા તો યથાવત રાખી છે, પરંતુ તેની ફાંસીની સજા ઘટાડીને બાકીના જીવન માટે કઠોર આજીવન કેદમાં ફેરવી દીધી છે.

## ડભોઈ–છોટા ઉદેપુર વિભાગમાં આવેલા બ્રિજનું સુદઢીકરણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ



પશ્ચિમ રેલવેના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ડભોઈ–છોટા ઉદેપુર વિભાગમાં આવેલા બ્રિજ નંબર ૧૩૦ ના મરમ્મત અને સુદઢીકરણ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ કાર્યથી પુલની રચનાત્મક મજબૂતી અને લાંબા ગાળાની સુરક્ષામાં નોંધપાત્ર વધારો થયો છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, આ પુલ નદીના તળાવમાં ગંભીર કટાવ (scouring)ને કારણે અસરગ્રસ્ત થયું હતું, જેનાથી પાઈલ કેપની નીચે પાઈલ્સ ખુલ્લી પડી હતી, જે રચનાત્મક સુરક્ષા માટે પડકારજનક સ્થિતિ હતી.

મુખ્ય સુદઢીકરણ કાર્યોમાં ખુલ્લી પાઈલ્સની સફાઈ અને ગ્રાઉટિંગ કરવામાં આવી તથા ૧.૪ મીટર લાઈનર્સની સ્થાપના કરવામાં આવી. દરેક પિયર પર ૮ (કુલ ૮૦) વધારાના પાઈલ્સનું નિર્માણ કરવામાં આવ્યું. પિયર જેકેટિંગ તથા નવા પાઈલ્સને હાલની પાયાને જોડવામાં આવ્યા.

આ કાર્ય અત્યંત સાવચેતી, ઉચ્ચ ગુણવત્તા માપદંડો અને સુરક્ષા પગલાં સાથે પૂર્ણ કરવામાં આવ્યું. પાઈલ્સની સફાઈ, તપાસ, ગ્રાઉટિંગ તથા ઈન્ટીગ્રિટી પરીક્ષણ જેવી પ્રક્રિયાઓને ખાતરી કરીને રચનાની મજબૂતીની પુષ્ટિ કરવામાં આવી. આ સુદઢીકરણ કાર્યથી પુલનું ભાર વહન ક્ષમતામાં વધારો થયો છે અને આ વિભાગમાં ટ્રેન સંચાલન વધુ સુરક્ષિત અને અવિરત બનશે. આ સિદ્ધિ ભારતીય રેલવેની સુરક્ષા, આધુનિકીકરણ અને યાત્રી સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કાનપુરના વકીલાતનો અભ્યાસ કરતા યુવકનો આપઘાત

# યુવકે પિતાના ત્રાસ અને અત્યાચારથી મોત વ્હાલું કર્યું

### પપ્પા, મારા મૃતદેહને હાથ ન લગાવતા...! વકીલ દીકરાએ બે પાનાની અંતિમ નોટમાં દર્દભરી કહાની લખી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર

કાનપુરની સરકારી કચેરીના પાંચમા માળેથી યુવા એડવોકેટ પ્રિયાશું શ્રીવાસ્તવે પડતું મૂકીને આપઘાત કર્યો. તે પહેલા યુવા વકીલે સ્યૂસાઈડ નોટમાં મોતનું કારણ લખ્યું છે. જેમાં બાળપણથી જ તેના પિતા દ્વારા તેને કેવી રીતે અપમાનિત કરીને માર મારવામા આવતો તેનો ઉલ્લેખ કરાયો છે. સાથે જ તેણે બે પાનાની સ્યૂસાઈડ નોટમાં લખ્યું કે, પપ્પા, મારા મૃતદેહને હાથ ન લગાવતા...!

કાનપુરની કચેરીમાં પાંચમા માળથી મોતની છલાંગ લગાવનાર યુવા એડવોકેટ પ્રિયાંશું શ્રીવાસ્તવે બે પાનાની સ્યૂસાઈડ નોટ લખી છે, જેમાં તેની ઈચ્છા હતી કે, જે પણ આ સ્યૂસાઈડ નોટ જુએ તેને અંત સુધી વાંચે. પિતા રાજેન્દ્રકુમારની વઢ, કકળાટ અને દીકરાને નિર્વસ્ત્ર કરીને ઘરમાંથી કાઢવાની ધમકી તેને જિંદગીભર તડપાવતી રહી. પિતાથી તે એટલી હદે કંટાળી ગયો હતો કે, લખવું પડ્યું કે, ભગવાન આવા પિતા કોઈને ન આપે. તેણે પોતાની અંતિમ ઈચ્છામાં લખ્યું કે, તેના પિતા તેના મૃતદેહને હાથ પણ ન લગાવે. પપ્પા જીતી ગયા, તેમને જીત મુબારક.

અંદાજે ૨૪ વર્ષની ઉંમરમાં પોતાનો જીવ આપી દેરના પ્રિયાંશુએ વર્ષ ૨૦૨૫ માં જ કાયદાનો અભ્યાસ પૂરો કર્યો હતો. બાળપણમાં છ વર્ષની ઉંમરમાં ચૂપચાપ ફ્રિજમાં મેંગો શેક પી લેતા પિતાએ તેને નિર્વસ્ત્ર કરીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો હતો. આ કારણે તે શરમ અને અપમાન અનુભવતો હતો. તેમે આગળ લખ્યું કે, અભ્યાસ માટે દબામ, અધૂરી તૈયારી પર મારપીટ કરવી, એ બધુ તો ઠીક હતું, પરંતું દરેક પળ શંકાની નજરથી જોવું અને એક એક મિનિટનો હિસાહ લેવો, એ પણ માનસિક ટોચર્ચ જ હતું.

પ્રિયાશુંના મોતની તપાસ અંગે ડીસીપી સત્યજીત ગુપ્તાએ કહ્યું કે, પ્રિયાંશુના મોતના મામલામાં બે પાનાના સ્યૂસાઈડ નોટ મળી છે. પહેલી નજરમાં સ્યૂસાઈટ નોટમાં પારિવારિક સમસ્યા હોવાનો ઉલ્લેખ મલ્યો છે. તેણે પોતાના પિતા પર અનેક પ્રકારના આક્ષેપ લગાવ્યા છે. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયો છે. આત્મહત્યાના કારણોની પોલીસ તપાસ કરી રહી છે. પિતાની પૂછપરછ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પિતાની પોતાના જ દીકરા પર ટોર્ચર એટલી હદે વધી ગયું હતું કે, તે હવે નફરતમાં પરિણમ્યું હતું. સ્યૂસાઈડ નોટ અનુસાર, પિતા ધોરણ-૯ માં વિષયની પસંદગીને લઈને ઓછા આંકડા આવવા પર ઘરમાથી નિર્વસ્ત્ર કરીને કાઢી નાંખવાની ધમકી આપતા હતા. તેને ધમકીના ડરથી ના પસંદ હોય તેવા વિષયો લેવા પડ્યા. હાઈસ્કૂલમાં ઓછા માર્કસ આવવા પર તે ઘર છોડીને મથુરા જતો રહ્યો હતો. બાળપણમાં સિક્કા ચોરવાની ભૂલ પર પિતાએ તેને બધાની સામે શરમજનક સ્થિતિમાં બેઈજ્જતી કરી હતી. તેણે લખયું કે, પિતાને ઘર ખર્ચમાં મદદ કરી શકું, તે માટે ટ્યુશન પણ ભણાવ્યા. ઓનલાઈ વર્ક કરીને પિતાને મોબાઈલ અને બહેનને ફોન તથા સ્કૂટી અપાવી. તે બાદ પણ પિતા શારીરિક રીતે અસક્ષમ હોવાનો આરોપ લગાવતા હતા. તેણે લખ્યું કે, ન તો તેના ખોટા શોક હતા. પિતા પોતાની ઓફિસ અને ઘર ન બનાવી શકવા માટે સંભળાવતા હતા. તેના અંગત જીવનમાં જરૂર કરતા વધારે દખલ આપતા હતા.

સ્યૂસાઈડ નોટમાં તેણે લખ્યું કે, પિતા તેને મહોલ્લામાં સૌની નજર સામે બેઈજ્જત કરતા હતા. આવી સ્થિતિમાં તેની જીવન જીવવાની ઈચ્છા મરી પરવારી હતી. તેના પિતા જીતા ગયા છે તેવો તેણે ઉલ્લેખ કર્યો. તેણે લખ્યું કે, પિતા તમને આ જીત મુબારક હો. એટલા પ્રતિબંધો હતા કે, હવે આ બેઈજ્જતી સાથે જીવવું મુશ્કેલ છે. મારી બહેન અને માતાને સારી રીતે પ્રેમ આપજો તેવુ તેણે લખ્યું.

તેણે લખ્યું કે, ભગવાન કોઈને આવા પિતા ન આપે. સરકારી કચેરીમાં ગુરુવારે બપોરે સાડા ત્રણ કલાક એડવોકેટનો અભ્યાસ કરતા પ્રિયાંશુ શ્રીવાસ્તવે કોર્ટના ભવનના પાંચમા માળથી છલાંગ લગાવી હતી. તેના બાદ પોલીસ સ્ટાફ ત્યા પહોંચ્યો હતો અને વ્યવસ્થા સંભાળી હતી. પ્રિયાંશુને હોસ્પિટલ લઈ જવાયો હતો, પંરતુ તે મૃત પામ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ઘટનાના લગભગ ત્રણ કલાક પહેલા જ વિવાદ બાદ પ્રિયાંશુએ બે પાનાની સ્યૂસાઈટ નોટ લખીને પોતાના વોટ્સએપ સ્ટેટસ પર મૂકી હતી.

કચેરીમાં પ્રિયાંશુના મોત બાદ અફરાતફરી મચી ગઈ હતી. પ્રિયાશુંએ કાયદાની ડિગ્રી લીધી હતી, અને તેના બાદ તે પિતા રાજેન્દ્ર કુમાર શ્રીવાસ્તવ સાથે બેસીને વકીલાતની પ્રેક્ટિસ કરતો હતો. પાંચમી માળથી જયાંથી પ્રિયાંશુ નીચે પડ્યો હતો, ત્યાં લગભગ કોઈની આવન-જાવન હોતી નથી. આસપાસ કચરાનો સામાન પડ્યો રહેતો હતો. ત્યા આવનજાવનનો રસ્તો પણ બંધ હતો. ઉંચેથી નીચે પડ્યા બાદ પ્રિયાંશુનું માથુ ફાટી ગયુ હતુ, માંસના લોચા બહાર આવી ગયા હતા. ચારે તરફ પરિસરમાં લોહી વિખેરાયેલુ હતું. આ જોઈ ત્યા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૪/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬૭૬ | ૪૩૦.૦૦ | ૬૮૯.૦૦ |
| ૨ | એરંડા | ૭૨૩ | ૧,૨૩૮.૦૦ | ૧,૨૭૭.૦૦ |
| ૩ | મકાઇ | ૭૦૬ | ૩૪૯.૦૦ | ૪૦૪.૦૦ |
| ૪ | ચણા | ૯૧ | ૯૦૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૫ | ચણા ( કાબુલી ) | ૩૦ | ૧,૪૫૫.૦૦ | ૧,૫૬૧.૦૦ |
| ૬ | તમાકુ | ૧૧૨૬ | ૧,૩૯૦.૦૦ | ૨,૨૧૫.૦૦ |
| ૭ | તમાકુ (ગારીયુ) | ૭૨૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૨૦.૦૦ |
| ૮ | સોયાબીન | ૨૫ | ૯૮૦.૦૦ | ૧,૧૧૧.૦૦ |
| ૯ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૧૦ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૮૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગેનીબેન ઠાકોરના ગંભીર આક્ષેપ: પોલીસ ધાનેરાથી અમદાવાદ સુધી દારૂની ગાડીઓનુ પાયલોટીંગ કરે છે: કરોડોના હપ્તા મળે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચાર પડઘમ આજે શુક્રવારે મોડી સાંજે શાંત થઈ ગયા છે. તમામ પક્ષો એક બીજા પર આક્ષેપ પ્રતિ આક્ષેપ કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ ભાજપ પર મોટા પ્રહાર કર્યા છે. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે ઘણા ગામડાઓમાંથી વાત મળી છે કે ભાજપ ધમકી આપે છે કે મત નહી તો ગ્રાન્ટ નહી મળે, તેમની આ વાતો લોકશાહી અને બંધારણની વિરૂધ્ધમાં છે.

કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે ઘણા ગામડાઓમાંથી જાણવા મળ્યુ છે કે તમે ભાજપને વોટ નહી આપો તો અમે વિકાસના કામો નહી આપીએ, ગ્રાન્ટ નહી આપીએ, આ લોકો જે વાત કરી રહ્યા છે તે બંધારણ અને લોકશાહીની વિરૂધ્ધમાં વાત કરી રહ્યા છે. આ લોકો ધમકીની ભાષામાં વાત કરી રહ્યા છે. શાસન કોઈનુ પણ હોય, ભાજપનુ હોય કે કોંગ્રેસનુ હોય, લોકોની મહેરબાનીથી, લોકોના પરસેવાની કમાણી, ટેક્ષના પૈસાથી વિવિધ બજેટ બનતુ હોય છે અને યોજનાઓ બનતી હોય છે. આ સાથે તેમણે ગુજરાત પોલીસ પર પણ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે રાજસ્થાન લાગુ બોર્ડરમાં રોજની હજારો ગાડીઓમાં દારૂ ગુજરાતમાં ઠલવાય છે. પોલીસ બુટલેગરોને મદદ કરે છે અને એમની પાસેથી કરોડો રૂપિયાના હપ્તા લેવામાં આવે છે. જેનાથી અમારા વિસ્તાર અને ગુજરાતનુ યુવાધન બરબાદ થઈ રહ્યુ છે. ગેનીબેને વધુમાં જણાવ્યુ હતુ કે બોર્ડર વિસ્તારમાં પોલીસને ટાર્ગેટ આપવામાં આવે છે કે તમારે આટલો દારૂ વેચવો જ પડશે. પોલીસ દારૂ માટે વોટસએપ ગ્રુપ પણ ચલાવે છે. પોલીસના વોટસએપ ગ્રુપ દારૂની લાઈનો માટે ચાલે છે. દારૂની ગાડીઓ કેટલે પહોંચી, આ ગાડીઓ કોઈએ રોકી તો નથી ને, બધા પર વોચ રાખે છે, પોલીસે ધાનેરાના બોર્ડર થી નિકળીને અમદાવાદ સુધી વોચ ગોઠવી હોય છે.




જેમ રાજા મહારાજાના વરઘોડા નિકળે તેમ દારૂની ગાડીઓ નિકળે અને પોલીસ તેનુ પાયલોટીંગ કરે છે. ગરીબ માણસ ફરીયાદ કરવા જાય તો પોલીસને ટાઈમ નથી, પણ બુટલેગરોની ગાડીઓ માટે પોલીસને ટાઈમ છે. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે દારૂ વેચવાવાળા ચેલેન્જ મારીને કહે છે કે અમને કોઈ કંઈ કહેવાનુ નથી, અમે નિયમિત હપ્તા આપીએ છીએ, તમારે જેટલી અમારી વિરૂધ્ધ ફરીયાદ કરવી હોય તેટલી કરજો, બુટલેગરો પાસેથી કરોડોના હપ્તા લેવામાં આવે છે. બે દિવસ અગાઉ પણ ગેનીબેન ઠાકોરે સુરેન્દ્રનગરની સભામાં અનેક આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૨૩ ના વર્ષમાં મહિલા અનામત બીલ લોકસભામાં પસાર થઈ ગયુ છે. છતાં હજુ સુધી તેને લાગુ કરવામાં આવ્યુ નથી. ચુંટણી સમયે જ મત લેવા માટે સરકારને આ બીલ યાદ આવી રહ્યુ છે. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ ગેનીબેન ઠાકોરને સમર્થન જાહેર કર્યુ હતુ. તાજેતરમાં સુરેન્દ્રનગર મહામંત્રી વિક્રમ રબારી ભાજપમાં જોડાયા હતા. તેમના દ્વારા પાટડી નગરપાલિકા અને તાલુકા પંચાયતોને બિનહરીફ કરાવવામાં આવી છે. ગેનીબેન ઠાકોરે આ વિશે પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ૨૬ તારીખ પછી તેમને કોઈ બોલાવવાનુ પણ નથી. ભાજપના ગોડાઉનમાં કોંગ્રેસના કેટલાય નેતાઓ ભરેલા છે. જેમનો ઉપયોગ કરીને તેમને મુકી દેવામાં આવે છે.

# મોરબીમાં પરીવર્તનના એંધાણ : મતદારોનો મિજાજ બદલાયો: મારા નહી પણ સારા ને પસંદ કરવા મકકમ

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો જંગ હવે જામ્યો છે. પરંતુ આ વખતે મોરબીની રાજકીય હવા કંઈક અલગ જ સંકેતો આપી રહી છે. દાયકાઓથી જે પક્ષનો ગઢ ગણાતા આ વિસ્તારમાં હવે મતદારોનો મિજાજ બદલાયેલો જોવા મળી રહ્યો છે. શહેરના ચોરા થી લઈને ચા ની કીટલી સુધી એક જ ચર્ચા છે કે હવે પક્ષ કે નેતાના નામે નહી. પણ કામના નામે વોટ અપાશે. મોરબીના જાગૃત નાગરીકો હવે મારા એટલે કે માનીતા ઉમેદવારને બદલે સારા અને સક્ષમ ઉમેદવારની પસંદગી કરવા તરફ વળ્યા છે. ઝુલતા પુલની કડવી યાદો અને ટીકીટ વિતરણમાં રોષ, મોરબીની જનતાના હૃદયમાં હજુ પણ ઝુલતા પુલ દુર્ઘટનાના ઘા રૂંઝાયા નથી, સ્થાનિકોમાં ભારે ચર્ચા છે કે ભાજપે આ દુર્ઘટના માટે જવાબદાર ગણાતા અથવા તેની સાથે સંકળાયેલા જુના ચહેરાઓને ફરીથી મેદાનમાં ઉતારીને લોકોની સંવેદના સાથે ચેડા કર્યા છે. આ બાબતે સોશીયલ મીડીયાથી લઈને મહોલ્લા સુધી ભાજપ વિરૂધ્ધ છુપો રોષ જોવા મળી રહ્યો છે. મતદારોનુ કહેવુ છે કે જે નેતાઓ જનતાની સુરક્ષા ન કરી શકયા તેમને ફરી સત્તા કેમ સોંપવી ? આ વખતે ભાજપ માટે સૌથી મોટો પડકાર બહારના વિરોધીઓ




## ભાજપમાં ભયંકર ક્રોસ વોટીંગની ભીતી : ઝુલતા પુલ દુર્ઘટના : મસ્જીદ ડીમોલેશન અને આંતરીક જુથવાદ સત્તાધારી પક્ષ ભાજપ માટે પડકારરૂપ

કરતા અંદરના અસંતુષ્ટો છે. ટીકીટ ન મળતા અનેક દિગ્ગજ નેતાઓ અને પાયાના કાર્યકરો નારાજ થયા છે. સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપના જ અનેક કાર્યકરો પોતાના જ પક્ષના ઉમેદવારોને હરાવવાના મુડ માં છે. મારો ટેકેદાર પહેલા, સારો ઉમેદવાર પછી એવી નીતિને કારણે પાયાના કાર્યકરોમાં ભારે અસંતોષ છે. અનેક નારાજ નેતાઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જે સીધી રીતે ભાજપના મતોમાં ગાબડુ પાડશે તેવુ દેખાઈ રહ્યુ છે. મોરબીના મણીમંદિર પાસે આવેલી મસ્જીદના ડીમોલેશન બાદ લઘુમતિ સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લઘુમતિ વિસ્તારોમાં એવી લાગણી પ્રવતી રહી છે કે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા તેમની અવગણના કરવામાં આવી રહી છે. આ રોષ આગામી ચુંટણીમાં ભાજપ વિરૂધ્ધ વોટીગમાં પરીવર્તીત થાય તેવી પુરેપુરી શકયતા છે. આ સમુદાય હવે એકતરફી પરીવર્તનના પક્ષમાં મતદાન કરી શકે છે. પાયાની સુવિધાઓનો અભાવ છે. રોડ રસ્તા અને ગટરની વ્યવસ્થા જૈ સૈ થૈ છે.

મોરબી ઉદ્યોગ જગતમાં વિશ્વસ્તરે નામ ધરાવે છે. પરંતુ સ્થાનિક સ્તરે સુવિધાઓના નામે મીડું છે. તુટેલા રોડ રસ્તાઓ, ઉભરાતી ગટરો અને પીવાના પાણીની અનિયમિતતાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. દર ચુંટણીમાં અપાતા વચનો પુરા ન થતા હોવાથી મતદારો હવે સત્તાધારી પક્ષ ભાજપથી કંટાળ્યા છે. લોકોમાં ચર્ચા છે કે કરોડોનુ ટર્નઓવર આપતા શહેરોમાં જો રોડ રસ્તા સારા ન હોય તો સત્તાધારી ભાજપના નેતાઓ કરે છે શું ? ત્રીજા વિકલ્પ તરીકે ઉભરતો ઝુકાવ આ વખતે મોરબીમાં ભાજપ કોંગ્રેસના પરંપરાગત જંગની વચ્ચે આમ આદમી પાર્ટી મજબુત રીતે ઉભરી રહી છે. લોકો ખાસ કરીને મધ્યમવર્ગ અને યુવા વર્ગ શિક્ષણ અને સ્વાસ્થ્યના મોડલથી પ્રભાવિત થઈ આમ આદમી પાર્ટી તરફ ઝુકી રહ્યો હોય તેવુ જણાય છે. જો પરીવર્તનની લહેર જોર પકડશે તો ભાજપના મતોમાં મોટુ ગાબડુ પડી શકે છે. વિશ્લેષકોના મતે આ વખતે મોરબીમાં ભયંકર ક્રોસ વોટીંગ જોવા મળી શકે છે. પક્ષ પ્રત્યેની વફાદારી બાજુ પર મુકીને લોકો વ્યકિતગત સ્તરે સારા ઉમેદવારને પસંદ કરશે. ભાજપના જ અસંતુષ્ટ નેતાઓ અને કાર્યકરો જો અંદરખાને ગાબડુ પાડશે તો ચુંટણીના પરીણામો આશ્ચર્યજનક આવી શકે છે. મોરબીની જનતાએ હવે મન બનાવી લીધુ છે કે તેઓ લાંબા સમયથી ચાલી આવતી ભ્રષ્ટ અને નિષ્ક્રિય વ્યવસ્થાને બદલશે. હવે જોવાનુ એ રહેશે કે સારા ઉમેદવારની આ શોધમાં મોરબીના તાજ પર કોણ બિરાજશે.

### રેલ સંચાલનમાં ટેકનોલોજીકલ ઉત્કર્ષ તરફ એક મહત્વપૂર્ણ પહેલ


# અમદાવાદ મંડળમાં સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટરનું નિર્માણ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે જૂન ૨૦૨૬ સુધી કાર્યરત થઈ જશે. લગભગ ૨૪,૫૦૦ વર્ગ ફૂટમાં વિસ્તૃત આ આધુનિક પરિસર ઉત્તર ગુજરાત ક્ષેત્રમાં રેલ સંચાલન માટે "કેન્દ્રિય તંત્ર (નર્વ સેન્ટર)" હશે.

વર્ષ ૨૦૦૩માં સ્થાપના પછી અમદાવાદ મંડળે ઝડપી પ્રગતિ નોંધાવી છે. ફ્રેટ લોડિંગ ૯.૩૮ મિલિયન ટનથી વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૧ મિલિયન ટન સુધી પહોંચી ગયું છે, જે પાંચ ગણાથી વધુ વૃદ્ધિને દર્શાવે છે. આ વધતા સંચાલનને સુચારૂ રીતે સંભાળવા માટે વિવિધ કચેરીઓની નિયંત્રણ પ્રવૃત્તિઓ હવે એક જ છત હેઠળ કેન્દ્રિત કરવામાં આવી રહી છે.

આ આધુનિક નિયંત્રણ પરિસર વિવિધ વિભાગોના સંકલિત, ઝડપી અને અસરકારક સંચાલન માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે:





● અદ્યતન ડિજિટલ મોનીટરીંગ (Next-Gen Monitoring): ૧,૩૫૦ રૂટ કિલોમીટર વિસ્તારની રિયલ-ટાઈમ અને હાઈ-રિઝોલ્યુશન મોનીટરીંગ માટે વિશાળ વીડિયો ડિસ્પ્લે યુનિટ (VDU) વોલ, જે ઝડપી નિર્ણય લેવામાં મદદરૂપ બનશે.

● સમગ્ર સંચાલન સિસ્ટમ (Integrated Operations System) ફ્રેટ અને કોચિંગ કંટ્રોલ, સિગ્નલ અને ટેલિકોમ (S&T), એન્જિનિયરિંગ, ટ્રેક્શન તેમજ ક્રૂ મેનેજમેન્ટનું એકીકૃત સંચાલન કરવામાં આવશે.

● સુરક્ષા મજબૂતી (Safety & Security Enhancement): રેલવે સુરક્ષા બળ (RPF) કંટ્રોલ રૂમ, આપત્તિ વ્યવસ્થાપન સેલ તથા કેરેજ અને વેગન (C&W) પ્રવૃત્તિઓ પણ આ પરિસરમાં સામેલ કરવામાં આવશે.

● યાત્રી સેવા સુધારો (Passenger Service Enhancement): 'રેલ મદદ' (Rail Madad) ફરિયાદ નિવારણ તંત્ર તથા NTES (National Train Enquiry System)ની સાથે સીધી જોડાણ વ્યવસ્થા, જેથી મુસાફરોને ચોક્કસ અને અપડેટ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી શકશે.

આ એકીકૃત નિયંત્રણ પરિસરની અમલવારીથી નીચે મુજબના બહુઆયામી લાભો પ્રાપ્ત થશે:

● સમયપાલનમાં ઉચ્ચ સ્તરની સટીકતા (High Precision in Punctuality): દૈનિક ૧૩૦+ કોચિંગ ટ્રેનો અને ૧૬૦+ માલગાડીઓના સંચાલનમાં સટીક યોજના અને સમયપાલન સુનિશ્ચિત થશે.

● સંચાલન પ્રક્રિયામાં સુધારો (Operational Process Optimization): લોકો પરિવર્તન, પાણી પુરવઠો, પાર્સલ મેનેજમેન્ટ અને ક્રૂ તૈનાતીમાં કાર્યક્ષમતા વધશે.

● રિયલ-ટાઈમ ડેટા આધારિત સેવાઓ (Real-Time Data Driven Services): રિયલ-ટાઈમ ડેટા પ્રવાહ દ્વારા મુસાફરોને પારદર્શક અને વિશ્વસનીય સેવાઓ મળશે.

આ ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટર માત્ર એક ઈમારત નથી, પરંતુ અદ્યતન ટેકનોલોજી અને સંકલિત કાર્યપ્રણાલીનું પ્રતિક છે. આ કેન્દ્ર ૨૪×૭ કાર્યરત રહેશે. કર્મચારીઓની સુવિધાને ધ્યાનમાં રાખતા તેને આધુનિક અને કાર્યક્ષમ કાર્યસ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે, સાથે જ કર્મચારીઓ માટે કેન્ટીન, આરામ કક્ષ, મીની બોર્ડ રૂમ અને સમર્પિત પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી કાર્ય વધુ સરળ, સુગમ સુવ્યવસ્થિત અને અસરકારક બને.

# આજે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચાર પડઘમ શાંત : રવિવારે સત્તાનો સેમીફાઈનલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલને રવિવારે યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે આજે શુક્રવારે સાંજ થી પ્રચાર પડઘમ શાંત થતા હવે ઉમેદવારોએ માઈક અને ડી જે ના તાસીરા વગર ચુંટણી પ્રચાર શરૂ કર્યો છે. જયારે વહિવટી તંત્ર દ્વારા મતદાન માટે જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આવતી કાલે રવિવારે રાજયની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૧૦૦૦૬ બેઠકોની ચુંટણી યોજાનાર છે. આ પૈકીની ૭૩૪ જેટલી બેઠકો બિનહરીફ થઈ હોવાથી બાકીની બેઠકો માટે રવિવારે મતદાન થનાર છે. જયારે તારીખ ૨૮ એપ્રિલે મંગળવારે મતગણતરી સાથે પરીણામો જાહેર થનાર છે. ફેર મતદાનની જરૂર પડે તો તારીખ ૨૭ મી એપ્રિલે ફેર મતદાન કરવામાં આવશે. આજે શુક્રવારે સાંજ થી પ્રચાર પડઘમ શાંત પડતાની સાથે જ અન્ય વિસ્તારોમાંથી પ્રચાર માટે આવેલા નેતાઓ અને કાર્યકરોને પોત પોતાના મત વિસ્તારમાં જતા રહેવાની ચુંટણી પંચ દ્વારા આદેશો

## ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં ઉમેદવારોનુ ભાવી નકકી થશે



આપવામાં આવ્યા છે. ગુજરાતમાં હીટવેવ સાથે ગ્રામ પંચાયતો સિવાયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આ ચુંટણી આગામી વિધાનસભાની ચુંટણીના સેમીફાઈનલ સમાન ગણાય છે. ત્યારે ગરમીના કારણે મતદારો કેવો ઉત્સાહ બતાવે છે તે તો રવિવારે સાંજે જ ખબર પડશે. પરંતુ નિરસ રાજકીય વાતાવરણ, ગરમી અને લગ્નગાળાના કારણે મતદાન ઉપર અસર થવાની પુરેપુરી શકયતા છે. ૪.૧૯ કરોડ થી વધુ મતદારો માં ગ્રામ્ય વિસ્તારના મતદારોની સંખ્યા ૨.૭૪ કરોડ છે. જયારે શહેરી મતદારોની સંખ્યા ૧.૪૪ કરોડ છે. જયારે ઉમેદવારોની સંખ્યા ૨૭ હજાર થી વધુ છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો જંગ હવે તેના અંતિમ અને નિર્ણાયક તબકકા માં પ્રવેશ્યો છે. રવિવારે યોજાનારા મતદાન માટેનો સત્તાવાર પ્રચાર આજે સાંજ થી થંભી ગયો છે. ચુંટણીપંચના નિયમો અનુસાર મતદાનના ૪૮ કલાક અગાઉ જ જાહેર પ્રચાર, સભાઓ અને લાઉડ સ્પીકર પર પ્રતિબંધ આવી જતો હોય છે. જેના કારણે ઉમેદવારો પાસે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. છેલ્લા કેટલાય દિવસોથી રાજયના ખુણે ખુણે ગુંજતા પ્રચારના પડઘમ આજે શુક્રવારે સાંજે શાંત થતા જ સમગ્ર રાજયમાં સાયલન્સ પીરીયડ શરૂ થશે. જે દરમિયાન ઉમેદવારો માત્ર વ્યકિતગત સંપર્ક કે ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે. રાજકીય પક્ષોએ પણ આ આંકડાઓને ધ્યાનમાં રાખીને પ્રચારમાં કોઈ કસર છોડી નથી. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓએ છેલ્લા દિવસોમાં રેલીઓ અને રોડ શો દ્વારા મતદારોને રીઝવવા આકાશ પાતાળ એક કર્યા છે. પ્રચારના અંતિમ કલાકોમાં સોશીયલ મીડીયાના માધ્યમથી પણ આક્રમક રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

ખાસ કરીને અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા મહાનગરોમાં ત્રિપાંખીયો જંગ જામ્યો હોવાથી પ્રચારમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. જે આજે સત્તાવાર રીતે શાંત પડી ગયો છે. તંત્ર દ્વારા સુરક્ષા અને શાંતિપૂર્ણ મતદાન માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સંવેદનશીલ મતદાન મથકો પર વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે અને ડ્રોન તેમજ સીસીટીવી દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. આજે પ્રચાર પડઘમ શાંત થતાની સાથે જ કોઈપણ બહારની વ્યકિત જે તે મતવિસ્તારમાં રોકા શકશે નહી તેવા આદેશો પણ જારી કરાયા છે.

### દોડશે ૧૮૨૬૨ સ્પેશિયલ ટ્રેનો!

# સમર વેકેશનમાં રેલવે મુસાફરો માટે ખુશખબર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રેલવે વિશ્વનું ચોથું સૌથી મોટું રેલનું નેટવર્ક છે. જે આશરે ૬૮૦૦૦ કિમીથી પણ વધુ રૂટ અને ૭૩૦૦થી પણ વધુ સ્ટેશનો સાથે સમગ્ર ભારતમાં ફેલાયેલું છે. દરરોજ આશરે ૧૩૦૦૦ થી વધુ પેસેન્જર ટ્રેનો અને ૭૦૦૦ થી વધુ માલગાડીઓ દોડે છે. આ વિશાળ નેટવર્કમાં આશરે ૨.૩ કરોડથી પણ વધુ મુસાફરો મુસાફરી કરે છે. ગુરુવારે સમર સ્પેશિયલ ટ્રેનોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. વધારે માંગ ધરાવતા રૂટ્સ પર શરૂ કરાયેલી વધારાની ટ્રેન સેવાઓની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેથી મુસાફરી વધુ સુવિધાજનક બને અને ભીડ ઓછી થાય. ઉત્તર પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની ભીડ ઓછી કરવા માટે ૧૦૪ ટ્રેનોમાં ૧૩૨ વધારાના કોચ ઉમેર્યા છે. જેનાથી ટિકિટ કન્ફર્મ થવાની શક્યતાઓ વધુ વધી છે.



રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય રેલવે ૧૫ એપ્રિલથી લઈ ૧૫ જુલાઈ ૨૦૨૬ સુધી ૧૮૨૬૨ સમર સ્પેશિયલ ટ્રેન ટ્રિપ્સ ચલાવવાની યોજના ધરાવી છે. આમાંથી, ૧૧૮૭૮ ટ્રીપ્સની જાહેરાત થઈ ચૂકી છે. જ્યારે બાકીની સેવાઓ તબક્કાવાર જાહેર કરવામાં આવશે. આ આયોજનનો હેતુ મુસાફરોની અવરજવર અને મુસાફરોની કનેક્ટિવિટી સુવ્યવસ્થિત કરવાનો છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન, મુંબઈના લોકમાન્ય ટિળક ટર્મિનસ (LTT) અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT), પુણે, સુરત (ઉધના સહિત), અમદાવાદ અને બેંગલુરુ જેવા મુખ્ય રેલવે સ્ટેશનો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અધિકારીઓ દ્વારા ભીડ પર નિયંત્રણ રાખવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓ મુસાફરોને મુશ્કેલીમુક્ત મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે ગ્રાઉન્ડ-લેવલ સહાયને મજબૂત બનાવી રહ્યા છે.

પશ્ચિમ રેલવેએ સુરતના ઉધના સ્ટેશન પર રીઅલ-ટાઈમ ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરી છે. રેલવે સુરક્ષા દળના જવાનો ઉધના-થાવે તાપ્તી ગંગા એક્સપ્રેસમાં મુસાફરોને વ્યવસ્થિત રીતે ચઢવામાં મદદ કરી રહ્યા છે. ભારે ભીડ હોવા છતાં સલામતી અને કાર્યક્ષમ બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરી રહ્યા છે. રેલવેએ ઉનાળાની ઋતુમાં તેમના વતન જતા મુસાફરોને પણ પ્રાથમિકતા આપી છે.

મુખ્ય સ્પેશિયલ ટ્રેનો

૦૯૦૮૮/૦૯૦૮૭ અમદાવાદ – મુંબઈ સેન્ટ્રલ AC સુપરફાસ્ટ સ્પેશિયલ

૦૯૪૪૭/૦૯૪૪૮ અમદાવાદ – પટણા હમસફર સ્પેશિયલ

૦૯૪૦૯/૦૯૪૧૦ અમદાવાદ – એકતા નગર (કેવડિયા) હેરિટેજ સ્પેશિયલ

૦૯૪૧૯/૦૯૪૨૦ અમદાવાદ – તિરુચિરાપલ્લી સ્પેશિયલ

૦૧૯૨૦/૦૧૯૧૯ અસરવા – આગ્રા કેન્ટ સ્પેશિયલ

૦૯૪૭૯/૦૯૪૮૦ સાબરમતી (વટવા) – હાવડા સમર સ્પેશિયલ

૦૧૯૦૬/૦૧૯૦૫ અસરવા – કાનપુર સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ

## ઝાંઝરડા ગામના ખેડૂતો ટીપી સ્કીમ-૫ સામે આકરા પાણીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જુનાગઢના ઝાંઝરડા ગામના ખેડૂતો સહિત સ્થાનિક આગેવાનોનો કાફલો તેમના વાંધા સૂચનો રજૂ કરવા જુડા ઓફિસે પહોંચ્યો હતો. ઝાંઝરડા ગામની ટીપી સ્કીમ ૫ મુદ્દે ખેડૂતોમાં રોષનો માહોલ છે. આરોપ છે કે ૧૯૭૬ના કાયદાનું ખોટું અર્થઘટન કરીને આ ટીપી સ્કીમ બનાવવામાં આવી છે. જેમાં ખેડૂતોની ૪૦ ટકા જમીન કપાતમાં જઈ રહી છે. આ જમીનનું તો ખેડૂતોને વળતર ચૂકવવામાં નહીં જ આવે પણ, સાથે જ ૯૦૦ કરોડ રૂપિયાનો જંગી ડેવલપમેન્ટ ચાર્જ પણ, ખેડૂતો પાસેથી વસૂલવાની તંત્રએ તૈયારી કરી છે. ખેડૂતોનો આરોપ છે કે તંત્ર દ્વારા નકશા તૈયાર કરી ખેડૂતોને બતાવી દેવાયા છે અને જણાવી દેવાયું કે સાત દિવસમાં વાંધા અરજી રજૂ કરી દે. હવે ખેડૂતોને જેમા કંઈ સમજ જ નથી પડી રહી તો તે વાંધા અરજી કેવી રીતે રજૂ કરે તેવો સવાલ પણ ખેડૂતો કરી રહ્યા છે. ખેડૂતો અને સમર્થકોનો આરોપ છે કે ખેતીની જમીન બિન ખેતીમાં કેમ ફાળવાઈ રહી છે?


**પશ્ચિમ રેલ્વે**

**સ્ટોર્સ વિભાગ**

**પી-વે અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે મે 2026 દરમિયાન ઇ-હરાજી વેચાણ**

**ખાસ ધ્યાન: બધા સ્ટીલ ખરીદદારો અને રી-રોલર્સ**

પી. વે સ્ક્રેપ, રેલ સ્ક્રેપ અને અન્ય વિવિધ સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટે જાહેર ઇ-હરાજી મે 2026 માં નીચે આપેલા કાર્યક્રમ મુજબ યોજાશે:

| પ્રથમ રાઉન્ડ | બીજો રાઉન્ડ | ડિપો/ડિવિઝન | ચાર્જ અધિકારી | સંપર્ક નંબર. |
| --- | --- | --- | --- | --- |
| 01/05/2026 | 18/05/2026 | દાહોદ | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-DHD | 02673241295 09724090455 |
| 04/05/2026 | 19/05/2026 | રતલામ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-RTM. | 07412230080 09752492750 |
| 06/05/2026 | 20/05/2026 | વડોદરા | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-BRC | 02652641592 09724091750 |
| 07/05/2026 | 21/05/2026 | અમદાવાદ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-ADI | 07922205888 09724093750 |
| 08/05/2026 | 22/05/2026 | મુંબઈ સેન્ટ્રલ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-MMCT | 022-23094142 09004499006 |
| 11/05/2026 | 25/05/2026 | પ્રતાપનગર | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-BRC | 02652641592 09724091750 |
| 12/05/2026 | 25/05/2026 | સાબરમતી | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-SBI | 02812476943 09724094770 |
| 13/05/2026 | 26/05/2026 | રાજકોટ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-RJT | 02812476943 09724094770 |
| 14/05/2026 | 26/05/2026 | મહાલક્ષ્મી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-MX | 022-24929571 09004495750 |
| 14/05/2026 | 26/05/2026 | પારડી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-MX | 022-24929571 09004495750 |
| 15/05/2026 | 28/05/2026 | ભાવનગર | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-BVP | 02782444360 09724097750 |

વિગતવાર માહિતી માટે કૃપા કરીને સંબંધિત ડેપો/વિભાગીય અધિકારીઓનો સંપર્ક કરો.

નોંધ: 1. રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ ઉપાડવાનો અધિકાર અનામત રાખે છે. 2. ઈ-ઓક્શન નિર્ધારિત સમયે શરૂ થશે. 3. ઈ-ઓક્શન કેટલોગ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. 4. ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષરો. નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી અંગે કોઈપણ સહાયની જરૂર હોય તો, કૃપા કરીને ઉપરોક્ત ડેપો/વિભાગીય અધિકારીનો સંપર્ક કરો. 5. બધા ચુકવણી વ્યવહારો ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવશે.

(નં.S/SIII/ઓક્શનપ્રોગ્રામ-1/મે 2026, તારીખ 17.04.2026) 0017

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.xom/WesternRly


## ગુજરાતમાં કુષ્ઠ રોગીઓ માટે જીવન સમર્પિત કરનાર સુરેશ સોનીનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)હિંમતનગર

સુરેશ સોનીએ છેલ્લાં ૩૭ વર્ષથી કુષ્ઠ રોગીઓની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યુ હતું. તેમની સહયોગ સંસ્થા અનેક કુષ્ઠ રોગીઓનું ઘર છે, જ્યા જરૂરિયાતમંદ લોકો આવીને રહે છે. મૂળ વડોદરાના સુરેશ સોનીએ સાબરકાંઠાને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેઓએ હિંમતનગરના રાજેન્દ્રનગર પાસે આખું સહયોગનગર ઉભું કર્યુ હતુ. કુષ્ઠ રોગીઓની સારવારમાં જીવન ખર્ચી નાંખનાર સુરેશ સોનીને હજી ગત વર્ષે ૨૦૨૫ માં જ પદ્મશ્રી આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે તેમને પદ્મ પુરસ્કાર એનાયત કરાયો હતો. ૮૧ વર્ષની વયે પણ સુરેશ સોનીએ સેવાનો અખંડ જ્યોત પેટવીની રાખ્યો હતો. તેમના પરિવારજનો પણ તેમના આ કાર્યમાં સહભાગી થઈને કુષ્ઠ રોગીઓની સેવા કરે છે. તેમના પત્નીએ પણ આજીવન તેમને સાથ આપ્યો છે.

### ચૂંટણી સમયે પોલીસ-પેટ્રોલિંગ ટીમે જપ્ત કરેલી

# રૂપિયા ૫૦૦ની જૂની નોટો બદલી આપવા બોમ્બે હાઈકોર્ટનો RBIને આદેશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં ૮ નવેમ્બર,૨૦૧૬ ના દિવસે નોટબંધીની જાહેરાત થઈ હતી. અને અચાનક થયેલ નોટબંધીના કારણે કેટલાય લોકો સમય મર્યાદામાં રૂપિયા ૫૦૦ ની જૂની નોટો પણ બદલાવી નહીં શકેલા ત્યારે એવા જ સમય મર્યાદાના ભાગ રૂપે બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ને આદેશ આપ્યો છે કે નોટબંધીની જાહેરાત પછી પોલીસે જપ્ત કરેલી બે લાખની જૂની ૫૦૦ રૂપિયાની ચલણી નોટો બદલી આપવામાં આવે. કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે જે ભૂલ અરજદારની નથી એની સજા તેને ન મળી શકે.

જ્યારે અચાનક ૨૦૧૬ ની ૮ નવેમ્બરે નોટબંધીની જાહેરાત કરાઈ હતી. ત્યારે અરજદાર ગિરીશ માલાણી ૨૦૧૬ની પહેલી ડિસેમ્બરે બે લાખ રૂપિયાની કેશ લઈને મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે કોર્પોરેશનની ચૂંટણી સંદર્ભે પોલીસ-પેટ્રોલિંગ ટીમે સાવચેતીના ભાગરૂપે એ રૂપિયા જપ્ત કર્યા હતા. ત્યાર બાદ ઈક્રમ ટેક્ષ વિભાગે તપાસમા આ નાણાં કાયદેસરના હોવાનું સ્વીકાર્યું હતું.

જોકે કાયદાકીય પ્રક્રિયાને કારણે આ રકમ અરજદારને ૨૦૧૬ની ૩૧ ડિસેમ્બરે પાછી મળી હતી. એ સમયગાળા દરમ્યાન જૂની નોટો જમા કરાવવાની અંતિમ તારીખ વીતી ગઈ હોવાથી RBI એ નોટો બદલી આપવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ ઉર્મિલા જોષી ફાળકે અને નિવેદિતા મહેતાની ખંડપીઠે જણાવ્યુ હતું કે ચલણી નોટો પોલીસ કસ્ટડીમા હોવાથી અરજદાર પાસે એને જમા કરાવવાનો કોઈ વિકલ્પ મળ્યો ન હોતો. કોર્ટે RBIની એ દલીલ પણ ફગાવી દીધી હતી કે નોટોના સિરિયલ નંબર નોંધવામાં આવ્યા ન હોતા. કોર્ટે ટાંકયું હતું કે કાયદાકીય વિલંબને કારણે અરજદારે નુકશાન વેઠવું પડે એ યોગ્ય નથી.

હાઈકોર્ટે ગિરીશ માલાણીને એક સપ્તાહની અંદર જૂની નોટો RBI મા જમા કરાવવા જણાવ્યુ છે. અને રિઝર્વ બેંકને ૭ અઠવાડીયામા એની ચકાસણી કરીને એટલી જ રકમનું કાયદેસરનું ચલણ આપવાનો આદેશ આપ્યો છે.

# ઝેરી ભાત ખાતા મરી ગયેલા કુતરાનું માંસ ખાતા ૨૫ ગીધ મરણને શરણ થયા!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી પાસેના સેમરીયા ગામના એક ખેતરમાં એક સાથે ૨૫ ગીધોના શબ મળી આવ્યા હતા. ગામવાળાઓએ એક કૂતરો વારંવાર બકરીઓ પર હુમલો કરતો હોવાથી એને મારવા માટે ઝેરી પેસ્ટીસાઈડસ મેળવેલા ભાત ખવડાવી દીધા હતા. ઝેરી ભાત ખાઈને કૂતરો મરી ગયો હતો. જોકે મરેલા કુતરાને ખુલ્લા ખેતરમાં પડેલો જોઈને ગીધોનું ટોળું ત્યાં આવી પડયુ. ગામવાળાઓને પણ નવાઈ લાગી અને આટલા બધા ગીધો ને આસમાનમાંથી ઉતરી પડેલા જોઈને ખુશ થઈ ગયા હતા. જો કે આ ખુશી બહુ ટકી ન હોતી. કૂતરાનું માંસ ઝેરી દવાને કારણે ઝેરી થઈ ચૂક્યું હતું અને એ માંસ જેણે ખાધુ એ ગીધો પર પણ ઝેરની અસર થોડીવારમાં થવા માંડી હતી. અને એક પછી એક લગભગ ૨૫ ગીધોએ ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. આ વિસ્તાર દુધવા ટાઈગર રિઝર્વ ઝોનમાં આવે છે. તરત જ વન વિભાગની ટીમે આવીને મૃત ગીધ પોસ્ટમોર્ટમ કરાવવા માટે મોકલી આપ્યા હતા. હજી અન્ય પાંચ ગીધ બીમાર છે.

# કોંગ્રેસે પ્રજાને હેરાન કરવા ફોર્મ ભરાયા: પેનલ તુટશે તો હોદ્દો નહી મળે: હિંમતનગર ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી ની વોર્ડ નં. ૭ માં સભા યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં નગરપાલિકા ચુંટણી પ્રચાર અંતિમ તબકકામાં પહોચી ગયો છે. ત્યારે મોડે મોડે હિંમતનગર પાલિકાના ૭ વોર્ડ માં જિલ્લા સંગઠનના પદાધિકારીઓ અને ઉમેદવારોની ઉપસ્થિતિમાં વોર્ડ દીઠ સભાનુ આયોજન કરાયુ હતું. જેમાં પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે ચીમકી આપતા જણાવ્યુ હતુ કે જો કોઈ વોર્ડમાં પેનલ તુટશે તો અન્ય ને કોઈ હોદ્દો મળશે નહી. જેથી કાર્યકરોએ મતદારોને પેનલના ઉમેદવારોને મત આપવા માટે આહવાન કર્યુ હતું.




પ્રદેશ ભાજપના મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે શહેરના વિવિધ વોર્ડમાં યોજાયેલ સભામાં જણાવ્યુ હતુ કે આપણે સૌએ મુઠ્ઠી વાળીને જયઘોષ કરવાના છે. કારણ કે પંજો આપણે પસંદ નથી અને પંજાને પણ આપણે દેખાવા દેવાનો નથી, કોંગ્રેસની સરકારે તેમના શાસનમાં આતંકવાદીઓ માટે જામીન આપવા અડધી રાત્રે તૈયાર થયા હતા. જયારે ભાજપના શાસનમાં આપણે આતંકવાદને નાથવા માટે અડધી રાત્રે સર્જીકલ સ્ટ્રાઈક કરીને તેમનો ખાત્મો બોલાવ્યો હતો. આ વખતે નગરપાલિકામાં જો ક્રોસ વોટીંગ થયાનુ જણાશે તો અને પેનલના એકપણ ઉમેદવાર નહી જીતે તો અન્યને હવે પછી કોઈ હોદ્દો મળશે નહી. ભાજપના શાસનમાં વડાપ્રધાન મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જે કામો કર્યા છે. જો તેનો હિસાબ કરવામાં આવે તો અનેક દિવસો નિકળી જાય તો પણ પૂર્ણ થતા નથી. પ્રદેશ ભાજપના મહામંત્રીએ પોતાના ચુંટણી પ્રચાર દરમિયાન હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૫,૬,૭,૮,૯ અને ૨ તેમજ ૧૦ ની ચુંટણી સભાઓમાં સ્વાગત કરવામાં આવ્યુ હતું. અજય બ્રહ્મભટ્ટે મતદારોને સંબોધતા કોંગ્રેસના ચુંટણી ચિન્હ પંજા પર પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે વિરોધપક્ષ પર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે જયાં તેમને ઉમેદવાર મળતા નથી. ત્યાં બહારથી ઉમેદવારો લાવીને ઉભા રાખે છે અને પછી પૈસાથી ખરીદવાના કે ધાક ધમકી આપવાના આરોપો લગાવે છે.

# ગુજરાતમાં પરમીટ ધારકો માટે વિદેશી દારૂના નવા ભાવ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગીફટ સીટી સિવાયના વિસ્તારોમાં દારૂબંધીનો અમલ થઈ રહ્યો છે. સરકારે ગાંધીનગરમાં ગીફટ સીટીમાં વાઈન અને ડાઈન પોલીસી અમલમાં મુકી છે. ત્યારે ચુંટણી દરમિયાન વિદેશી દારૂના ભાવમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.



ગુજરાતમાં નશાબંધી અને આબકારી વિભાગ તેમજ ગૃહ વિભાગ દ્વારા પરમીટ ધારકો માટે નવુ ભાવ પત્રક જાહેર કર્યુ છે. દારૂબંધી વચ્ચે પરમીટ ધારકો અને વિદેશી દારૂના વેચાણનુ લાયસન્સ ધરાવતા વેપારીઓ માટે વિગતો સામે આવી છે. નશાબંધી અને આબકારી વિભાગ તેમજ ગૃહ વિભાગ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચુંટણી દરમિયાન દારૂબંધીના અમલ વચ્ચે પરમીટ ધારકો માટે વિદેશી દારૂના ભાવમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. પોલીસ વિભાગે વિદેશી દારૂનુ નવુ ભાવપત્રક જાહેર કર્યુ છે. વિદેશી દારૂની ૬૩૬ બ્રાન્ડના ભાવમાં ફેરફાર કરાયો છે.

પોલીસ વિભાગ દ્વારા ૨૦૨૬-૨૭ માટે વિદેશી દારૂના ભાવ નકકી કરવામાં આવ્યા છે. આયાતી દારૂના વેપારમાં પારદર્શિતા લાવવાનો હેતુ છે. ડીઝીટલ ટ્રાન્સપરન્સી લાવવા ભાવપત્રક ઓનલાઈન મુકવામાં આવ્યુ છે. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ લાવવાનો દાવો કરવામાં આવ્યો છે. કેટલીક જાણીતી બ્રાન્ડના ભાવ નકકી કરવામાં આવ્યા છે. જેમાં (૧) અમૃત સીંગલ માલ્ટ વિસ્કી રૂ.૪૦૪૦.૫૩ (૨) સીવાસ રીગલ (૧૨ વર્ષ જુની ) રૂ.૨૪૮૪.૮૫ (૩) બ્લેક એન્ડ વ્હાઈટ સ્કોચ રૂ.૧૭૭૭.૫૩ (૪) બ્લેક ડોગ સેન્ટેનરી રૂ. ૧૫૩૫.૧૧ (૫) એબ્સોલ્યુટ વોડકા રૂ.૧૪૯૭.૭૩ (૬) ૧૦૦ પાઈપર કોચ રૂ.૧૪૭૪.૫૧ (૭) એન્ટીકિવટી બ્લુ અલ્ટ્રા રૂ.૧૦૫૦.૨૭

# આજે ચુંટણી પ્રચારના અંતિમ દિવસે પણ ભાજપ સામે વિરોધ ઓછુ થવાનુ નામ લેતો નથી: વડોદરાના બીલ ગામમાં ભાજપની રેલીમાં ભારે હંગામો

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના આજે અંતિમ દિવસે પણ રાજયમાં ઠેર ઠેર ભાજપ વિરૂધ્ધ પ્રજાનો રોષ ઓછુ થવાનુ નામ લેતો નથી. આજે પ્રચારના અંતિમ દિવસે પણ વડોદરાના બીલ ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલો રાજકીય રોષ આજે અંતિમ દિવસે ચરમસીમાએ પહોચ્યો હતો.



ગામની વિવિધ સોસાયટીઓમાં ભાજપના કાર્યકરો સામે ચાલી રહેલા વિરોધ વચ્ચે આજે જયારે અંતિમ દિવસે ભાજપની રેલી બીલ ગામમાં પહોચી ત્યારે સ્થાનિક રહીશો અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

મળતી માહિતી મુજબ બીલ ગામની અનેક સોસાયટીઓના રહીશો સ્થાનિક પ્રશ્નો અને પડતર માંગણીઓને લઈને સત્તાધારી પક્ષ ભાજપથી નારાજ છે. ઘણા દિવસોથી બીલ ગામમાં ભાજપના કાર્યકરો આવે ત્યારે સોસાયટીઓના ગેટ પણ બંધ થઈ જતા હતા. આજે પ્રચારના અંતિમ દિવસે જયારે ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે પ્રચાર માટે પહોચ્યા ત્યારે સોસાયટીઓના મુખ્ય ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા. સ્થાનિકોએ એક સુરે સુત્રોચ્ચાર કરી ભાજપની રેલીનો વિરોધ કર્યો હતો. વાતાવરણ વધુ તંગ બનતા અને બંને પક્ષો સામ સામે આવી જતા તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવી હતી. વડોદરા ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે વચ્ચે પડીને મામલો થાળે પાડવાની કોશિષ કરી હતી અને સ્થાનિકોને સમજાવ્યા હતા. જો કે ગ્રામજનોમાં ભાજપ પક્ષ પ્રત્યેનો આક્રોશ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. ચુંટણીના માહોલ વચ્ચે વડોદરા શહેર આજુબાજુના ગામડાઓમાં જે રીતે ભાજપનો વિરોધ થઈ રહ્યો છે. તે ભારતીય જનતા પાર્ટી માટે ચિંતાનો વિષય બન્યો છે. બીલ ગામની આ ઘટના બાદ રાજકીય લાંબીમાં ચર્ચાઓ તેજ બની છે.

# ઉના શહેરના આમ આદમી પાર્ટીના ઉમેદવાર પર કરાયો જીવલેણ હુમલો: ફાયરીંગ કરાયાની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉના શહેરના નગરપાલિકાની ચુંટણીમાં વોર્ડ નં. ૫ અને ૭ ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને જાણીતા એડવોકેટ અજયભાઈ બાંભણીયા પર ગઈ કાલે મોડી રાત્રે જીવલેણ હુમલો થતા ચકચાર મચી જવા પામી હતી. અજયભાઈના કહેવા પ્રમાણે બે અજાણ્યા શખ્સોએ તેમના પર ફાયરીંગ કર્યુ હતું. જો કે પોલીસે ફાયરીંગની ઘટના નકારી સમગ્ર ઘટના માટે એફએસએલને બોલાવીને વધુ તપાસ કરી રહી છે.

ઉના શહેરમાં નગરપાલિકાની ચુંટણીમાં ત્રિપાંખીયો જંગ જામ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજયભાઈ બાંભણીયા પર જીવલેણ હુમલો થતા રાજકીય માહોલ ગરમાયો હતો. આ અંગે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજયભાઈ બાંભણીયાના કહેવા પ્રમાણે તેઓ રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાની કારમાં તપોવન પાટીયા નજીકથી પસાર થતા હતા. ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમની કારને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમના પર ફાયરીંગ પણ કર્યુ હતું. જો કે પોલીસે પ્રાથમિક તપાસમાં ફાયરીંગની ઘટનાને નકારી છે.



બાંભણીયા પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ બનેલી ઘટના અંગે રજુઆત કરતી વખતે જ અચાનક ઢળી પડયા હતા. ગંભીર પરિસ્થિતિ જોતાં પોલીસે તાત્કાલીક તેમને ઉનાની ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડયા હતા.

પ્રાથમિક વિગતો મુજબ હુમલા દરમિયાન કારનો કાચ વાગવાથી તેમને માથાના ભાગે ઈજાઓ પહોચી હતી. હોસ્પીટલમાં સારવાર દરમિયાન અજયભાએ આક્ષેપ કર્યો હતો કે તેમના પર ફાયરીંગ કરવામાં આવ્યુ છે. જો કે પોલીસ આ મામલે અત્યંત સાવચેતી પૂર્વક તપાસ કરી રહી છે. હાલ પોલીસ દ્વારા ફાયરીંગની ઘટનાનુ સમર્થન કરવામાં આવ્યુ નથી. પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને તપોવન પાટીયા નજીક ઘટનાસ્થળે તપાસ શરૂ કરી છે. પોલીસે એફએસએલની ટીમ પણ બોલાવી છે. આ સાથે હોસ્પીટલ ખાતે કોઈ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. આ હુમલાના સમાચાર વાયુવેગે ઉના શહેરમાં ફેલાઈ જતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. આમ આદમી પાર્ટીના અન્ય ઉમેદવારો અને સમર્થકો મોટી સંખ્યામાં હોસ્પીટલ ખાતે એકઠા થયા હતા. ચુંટણીને માત્ર એક જ દિવસ બાકી છે ત્યારે ઉમેદવાર પર થયેલા હુમલાએ કાયદો અને વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કર્યા છે. જો કે આ હુમલો કોણે અને શા માટે કર્યો ? આ તમામ સવાલોના જવાબ પોલીસ તપાસ બાદ જ મળશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પ્રચારના અંતિમ દિવસે ચૈતર વસાવાને મળી મોટી મંજુરી: મતવિસ્તારમાં પ્રવેશ પરનો પ્રતિબંધ હટાવી લેવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. ત્યારે પ્રચારના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હવે પોતાના મતવિસ્તારમાં પ્રચાર પ્રસાર કરી શકશે. આગામી ૨૬ મી એપ્રિલે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન યોજાશે. ૨૮ મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે ત્યારે તે અગાઉ હવે ચૈતર વસાવાને પોતાના



મતવિસ્તારમાં પ્રચાર પ્રસાર કરવા માટે મંજુરી આપવામાં આવી છે.

થોડાક દિવસ અગાઉ એક બેઠકમાં થયેલા વિવાદ બાદ ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. અને જયારે તેમને જામીન આપવામાં આવ્યા ત્યારે તેમને પોતાના મત વિસ્તાર ડેડીયાપાડામાં એક વર્ષ માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ૨૩ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી ડેડીયાપાડા વિસ્તારમાં પ્રવેશ કરવાની મંજુરી મળી ગઈ છે. અગાઉ કાયદાકીય કારણોસર તેમના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. પરંતુ હવે નિર્ધારીત સમયગાળા માટે પોતાના મત વિસ્તારમાં આવવાની પરવાનગી મળતા રાજકીય માહોલ ફરી ગરમાયો છે. આ સમયગાળા દરમિયાન ચૈતર વસાવા પોતાના સમર્થકો અને કાર્યકરો સાથે બેઠકો યોજી શકે છે. તેમજ વિવિધ જાહેર કાર્યક્રમોમાં પણ હાજરી આપી શકે છે. સ્થાનિક રાજકીય વર્તુળોમાં આ નિર્ણયને લઈને ચર્ચાઓ તેજ બની ગઈ છે અને આગામી દિવસોમાં રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની શકયતા છે.

# વડોદરા સાંસદની અધિકારીઓને ચેતવણી: ચુંટણી પુરી થયા બાદ આવા તમામ અધિકારીઓનો હિસાબ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા મહાનગરપાલિકાની ચુંટણી અગાઉ તમામ પક્ષો પ્રચારમાં લાગ્યા છે. મળતી જાણકારી અનુસાર વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ મનપાના નાના અધિકારીઓની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કેટલાક અધિકારીઓ વિપક્ષ સાથે મળીને સરકારને બદનામ કરવાનુ કાવતરૂ ઘડી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. હેમાંગ જોશીએ આરોપ લગાવ્યો હતો કે ચુંટણી નજીક આવતા જ કેટલાક અધિકારીઓ વિપક્ષ સાથે મળીને જાણી જોઈને પ્રજા માટે કૃત્રિમ સમસ્યાઓ ઉભી કરે છે. અમુક અધિકારીઓ વિપક્ષી કોર્પોરેટરો સાથે સેટીંગ કરે છે. વોર્ડ નં. ૧૬ માં ખાસ



કરીને પાણી પોલીટીકસ શરૂ કરવામાં આવ્યુ છે. અધિકારીઓ પાણી પુરવઠો બંધ કરીને ગાયબ થઈ જાય છે. અધિકારીઓ પાણી પુરવઠો કેમ બંધ કરે છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. જયારે ભાજપના કોર્પોરેટરો તેમને શોધે ત્યારે તેઓ મળતા નથી. પરંતુ કોંગ્રેસના કોર્પોરેટરનો ફોન આવતા જ અધિકારીઓ તરત હાજર થઈ જાય છે. આવો ભેદભાવ રાખનારા અને વિપક્ષ સાથે ભળેલા અધિકારીઓને સાંસદે ચેતવણી આપી હતી કે ચુંટણી પુરી થયા બાદ તમામ અધિકારીઓનો હિસાબ કરાશે. વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ અધિકારીઓને ચીમકી આપી કહ્યુ હતુ કે કેટલાક અધિકારીઓ વિપક્ષ સાથે ભળેલા છે. ચુંટણી વખતે અધિકારીઓ કૃત્રિમ સમસ્યા ઉભી કરે છે. વિપક્ષ સાથે મળીને અમુક અધિકારીઓ કૃત્રિમ સમસ્યા ઉભી કરે છે. આવા અધિકારીઓનો ચુંટણી બાદ હિસાબ થશે. અધિકારી વિપક્ષી કોર્પોરેટર જોડે સેટીંગ કરે છે. વોર્ડ નં. ૧૬ માં પાણી પોલીટીકસ શરૂ થાય છે. અધિકારી પાણી બંધ કરીને ગાયબ થઈ જાય છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોર્પોરેટરો અને કેટલાક અધિકારીઓની મીલીભગતથી વિકાસ કામો અટકાવવામાં આવે છે. હેમાંગ જોશીના કહેવા પ્રમાણે પહેલા પાણીના વાલ્વ બંધ કરી તેની ચાવી ગાયબ કરી દેવામાં આવે છે. પછી જયારે કોંગ્રેસના સીનીયર કોર્પોરેટર પહોચે ત્યારે જ ચાવી મળી આવે છે અને સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે છે. આ સમગ્ર પ્રકરણ દ્વારા લોકોમાં એક ખાસ છબી ઉભી કરવાનો પ્રયાસ થતો હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. સાંસદે વધુમાં કહ્યુ હતુ કે ભાજપના કોર્પોરેટર અધિકારીઓને ફોન કરે ત્યારે તેઓ ઉપલબ્ધ રહેતા નથી. પરંતુ ચોકકસ નેતાઓ માટે તંત્ર તરતજ કામ કરે છે. તેમણે અધિકારીઓના સેટીંગનો ઉલ્લેખ કરીને કહ્યુ હતુ કે ચુંટણી પૂર્ણ થયા બાદ આવા અધિકારીઓનો પણ હિસાબ લેવામાં આવશે.

# ભાજપ કામ વધારે કરે છે પરંતુ ઓછુ બોલે છે : તેના કારણે વિપક્ષ પાસે જનતા વચ્ચે જવા માટે કોઈ મુદ્દો જ નથી : મંત્રી કૌશિક વેકરીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમનો આજે શુક્રવારે છેલ્લો દિવસ હતો ત્યારે નેતાઓએ પણ પુરજોશમાં પ્રચાર પ્રસાર કરી દીધો છે.

ત્યારે સત્તાધારી પક્ષ ભાજપના પ્રચારમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ પ્રચાર કરી રહ્યા છે. પરંતુ સત્તાધારી પક્ષ ભાજપ જેવો પ્રચાર તો તે પણ કરી રહ્યા નથી. આ વાત તેઓ પોતે ખાનગીમાં કબુલે છે. ભાજપનો આક્રમક પ્રચાર જારી છે.

સૌરાષ્ટ્રમાં ભાજપનો આક્રમક પ્રચાર કરવાની ધુરા રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ ઉપાડી છે. અમરેલીના વડીયામાં રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા ગર્જયા હતા. વિકાસના મુદ્દે કૌશિક વેકરીયાએ વિપક્ષની આકરી ઝાટકણી કાઢી હતી. વડીયાના શિવાજી ચોક ખાતેની જનસભામાં તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસ એક જ કામ કરશે. પરંતુ દાયકાઓ સુધી ગણાવશે, જયારે ભાજપ કોંગ્રેસની તુલનાએ ઘણુ બધુ કરે છે. આમ ભાજપ કામ વધારે કરે છે. પરંતુ ઓછુ બોલે છે. તેના કારણે વિપક્ષ પાસે જનતા વચ્ચે જવા માટે કોઈ મુદ્દો જ નથી. આજે અમુક પાર્ટીના લોકો તેના નેતા સાથે નિકળ્યા હતા. માંડ ઘણીને ૧૭ લોકો



હતા. જે ઢોલ નગારા સાથે નિકળ્યા હતા. આપણે ત્યાં આનાથી વધારે ભીડ તો લગ્નમાં જોવા મળે છે. અમુક લોકો પછી તેમના સાથે જોડાયા છે. તે અમારા ધ્યાનમાં છે.

ભાજપના શાસનમાં ગુજરાતનો અને દેશનો આખો કાયાકલ્પ થયો છે. કોંગ્રેસ અને વિપક્ષી જોડાણ સત્તાભુખ્યુ હોવાનુ તેમણે જણાવ્યુ હતું. તેમણે દાવો કર્યો હતો કે ભાજપના વિકાસના આ રથને કોઈ રોકી શકશે નહી. ભાજપનો વિજય નિશ્ચિત છે. અમે હંમેશા પ્રજાની સાથે રહીએ છીએ. તેના કારણે જ પ્રજા અમને વારંવાર ચુંટે છે. પ્રજાના પ્રશ્નો અને તકલીફોને સાંભળીએ છીએ અને તેમના નિવારણની દિશામાં આગળ વધીએ છીએ. અમે કંઈ વિપક્ષની જેમ લોકોને ઠાલા આશ્વાસનો આપતા નથી. અમારા પ્રચાર ઢંઢેરામાં આગળ હોય કે પાછળ હોય તેનો અમલ અમે કરી બતાવીએ છીએ.